
# ગીતા-પ્રવચનો



વિનોબા

# ગીતા પ્રવચનો

नित्य पठनीय

विनोबा

પરધામ પ્રકાશન, પવનાર

પ્રકાશક :
રણજિત્ દેસાઈ,
સંયોજક, પ્રકાશન સમિતિ,
ગ્રામ-સેવા મંડળ,
પવનાર, (વર્ધા), મહારાષ્ટ્ર - ૪૪૨૧૧૧

(સર્વાધિકાર પ્રકાશકાધીન)

સાઠમી આવૃત્તિ : ૫,૦૦૦ પ્રત
કુલ છપાયેલી પ્રત : ૫,૯૩,૦૦૦ પ્રત
ડિસેંબર : ૨૦૧૧
મૂલ્ય : ૪૫ રુપિયા

મુદ્રક :
રણજિત્ દેસાઈ
પરંધામ મુદ્રણાલય,
પવનાર, (વર્ધા),

# બે બોલ

'**ગી**તા-પ્રવચનો' એ હવે ભારતીય જનતાનું પુસ્તક થયું છે. ભૂદાનયજ્ઞનું વાતાવરણ નિર્માણ કરવાના કામમાં તેનો ઉપયોગ થતો હોવાને લીધે તેની નકલો ગામેગામ અને ઘેરેઘેર જાય છે.

ગીતાની માફક આ પ્રવચનો પણ પ્રત્યક્ષ કર્મક્ષેત્રમાં પ્રગટ થયાં છે. ઓગણીસસો બત્રીસની સાલમાં ધૂળિયાની જેલમાં અનાયાસે ઘણા સંત-મહંતો અને સેવકોનો મેળો જામ્યો હતો. તેમની સેવામાં આ પ્રવચનો રજૂ થયેલાં. એથી સ્વાભાવિક રીતે રોજરોજના વહેવારમાં ઉપયોગી વાતોની ચર્ચા આવે છે. જેમનો જીવન સાથે સંબંધ ન હોય એવા કોઈ પણ ખાલી વિચારના વાદો આમાં પેઠા નથી. મને પાકો ભરોસો છે કે શું ગામડાંમાં કે શું શહેરોમાં, સામાન્ય મજૂરી કરી જીવન ગુજારનારાં શ્રમજીવીઓને આમાંથી મનનું સમાધાન મળશે. એટલું જ નહીં, એમાંથી તેમને થાક ઉતારવાનું સાધન પણ મળી રહેશે.

આ પ્રવચનોને બહાને ગીતાની સેવા કરવાની ખાસ તક ઈશ્વરે મને આપી એ તેની હું મોટી કૃપા ગણું છું. આ બધાં પ્રવચનો લખી લેવાને સાને ગુરુજી જેવા સિદ્ધહસ્ત કાબેલ સત્પુરુષ મળ્યા એ પણ તેની જ કૃપા. હિંદુસ્તાનભરમાં જ્યાં જ્યાં આ પ્રવચનો પહોંચ્યાં છે, તે બધે ઠેકાણે એમનાથી સૌ કોઈને હૃદયશુદ્ધિ અને જીવનના વહેવારમાં પલટો કરવાની પ્રેરણા મળી છે. મને એવી વાસના રહે છે કે ઘેરઘેર આ પ્રવચનોનું શ્રવણ, પઠન અને મનન થાઓ ! આમાં મારું કંઈ નથી. હું તો તુકારામના શબ્દોમાં કહું છું કે,

> शिकवूनि बोल। केलें कवतुक नवल
> आपणियां रंजविलें । बापें माझियां विठ्ठलें
>
> શીખવીને બોલ, કર્યું કૌતુક નવલ
> રીઝવ્યો પોતાને, બાપ મારા વિઠ્ઠલે

— વિનોબા

# અનુક્રમણિકા


બે બોલ

અધ્યાય પહેલો : ૧-૮

પ્રાસ્તાવિક આખ્યાયિકા –
અર્જુનનો વિષાદ

૧ મધ્યે મહાભારતમ્

૨ અર્જુનની ભૂમિકાનો સંબંધ

૩ ગીતાનું પ્રયોજન :
સ્વધર્મવિરોધી મોહનો નિરાસ

૪ ઋજુબુદ્ધિવાળો અધિકારી

અધ્યાય બીજો ૯-૨૨

બધો ઉપદેશ ટૂંકમાં :
આત્મજ્ઞાન અને સમત્વ-બુદ્ધિ

૫ ગીતાની પરિભાષા

૬ જીવનસિદ્ધાંત – ૧
દેહ વડે સ્વધર્માચરણ

૭ જીવનસિદ્ધાંત – ૨
દેહાતીત આત્માનું ભાન

૮ બંનેનો મેળ સાધવાની યુક્તિ :
ફળત્યાગ

૯ ફળત્યાગનાં બે ઉદાહરણ

૧૦ આદર્શ ગુરુમૂર્તિ

અધ્યાય ત્રીજો : ૨૩-૩૦

કર્મયોગ

૧૧ ફળત્યાગી અનંત ફળ મેળવે છે

૧૨ કર્મયોગનાં વિવિધ પ્રયોજનો

૧૩ કર્મયોગ-વ્રતમાં અંતરાય

અધ્યાય ચોથો : ૩૧-૩૭

કર્મયોગ-સહકારી સાધના : વિકર્મ

૧૪ કર્મને વિકર્મનો સાથ
હોવો જોઈએ

૧૫ બંનેના સંયોગથી અકર્મરૂપી સ્ફોટ

૧૬ અકર્મની કળા સમજવાને
સંતો પાસે જાઓ

અધ્યાય પાંચમો : ૩૮-૫૩

બેવડી અકર્મ અવસ્થા :
યોગ અને સંન્યાસ

૧૭ મનની આરસી – બાહ્ય કર્મ

૧૮ અકર્મદશાનું સ્વરૂપ

૧૯ અકર્મની એક બાજુ : સંન્યાસ

૨૦ અકર્મની બીજી બાજુ : યોગ

૨૧ બંનેની સરખામણી,
શબ્દોની પેલે પાર

૨૨ ભૂમિતિનું અને મીમાંસકોનું દૃષ્ટાંત

૨૩ સંન્યાસી અને યોગી બંને
એક જ છે : શુક-જનકની જેમ

૨૪ બેમાંહી કર્મનો યોગ,
કર્મ-સંન્યાસથી ચડે

અધ્યાય છઠ્ઠો : ૫૪-૬૬

ચિત્તવૃત્તિ-નિરોધ

૨૫ આત્મોદ્ધારની આકાંક્ષા

૨૬ ચિત્તની એકાગ્રતા

૨૭ એકાગ્રતા કેમ સાધવી

૨૮ જીવનની પરિમિતતા

૨૯ મંગળ દૃષ્ટિ

૩૦ બાળક ગુરુ

૩૧ અભ્યાસ-વૈરાગ્ય અને શ્રદ્ધા

અધ્યાય સાતમો : ૬૭-૭૬

પ્રપત્તિ અથવા ઈશ્વરશરણતા

૩૨ ભક્તિનું ભવ્ય દર્શન

૩૩ ભક્તિ વડે થતો
વિશુદ્ધ આનંદનો લાભ

૩૪ સકામ-ભક્તિ પણ કીમતી છે

૩૫ નિષ્કામ-ભક્તિના
પ્રકાર અને પૂર્ણતા

**અધ્યાય આઠમો : ૭૭-૮૬**

**પ્રયાણ સાધના : સાતત્યયોગ**

૩૬ શુભ સંસ્કારોનો સંચય
૩૭ મરણનું સ્મરણ રહેવું જોઈએ
૩૮ સદા તે ભાવથી ભર્યો
૩૯ રાત ને દિવસ યુદ્ધનો પ્રસંગ
૪૦ શુક્લ-કૃષ્ણ ગતિ

**અધ્યાય નવમો : ૮૭-૧૦૧**

**માનવસેવાની રાજવિદ્યા : સમર્પણયોગ**

૪૧ પ્રત્યક્ષ અનુભવની વિદ્યા
૪૨ સહેલો રસ્તો
૪૩ અધિકારભેદની ભાંજગડ નથી
૪૪ કર્મફળ ઈશ્વરને અર્પણ
૪૫ ખાસ ક્રિયાનો આગ્રહ નથી
૪૬ આખું જીવન હરિમય થઈ શકે
૪૭ પાપનો ડર નથી
૪૮ થોડું પણ મીઠાશભર્યું

**અધ્યાય દસમો : ૧૦૨-૧૧૬**

**વિભૂતિ-ચિંતન**

૪૯ ગીતાના પૂર્વાર્ધનું સિંહાવલોકન
૫૦ પરમેશ્વરદર્શનની બાળબોધ રીત
૫૧ માણસમાં રહેલો પરમેશ્વર
૫૨ સૃષ્ટિમાં રહેલો પરમેશ્વર
૫૩ પ્રાણીઓમાં રહેલો પરમેશ્વર
૫૪ દુર્જનમાં પણ પરમેશ્વરનું દર્શન

**અધ્યાય અગિયારમો : ૧૧૭-૧૨૫**

**વિશ્વરૂપ-દર્શન**

૫૫ વિશ્વરૂપ-દર્શનની
અર્જુનને થયેલી હોંશ
૫૬ નાની મૂર્તિમાં પણ
પૂરેપૂરું દર્શન થઈ શકે
૫૭ વિરાટ વિશ્વરૂપ પચશે પણ નહીં
૫૮ સર્વાર્થસાર

**અધ્યાય બારમો : ૧૨૬-૧૪૦**

**સગુણ-નિર્ગુણ ભક્તિ**

૫૯ અધ્યાય છથી અગિયાર :
એકાગ્રતાથી સમગ્રતા
૬૦ સગુણ ઉપાસક અને નિર્ગુણ
ઉપાસક : માના બે દીકરા
૬૧ સગુણ સહેલું ને સલામત
૬૨ નિર્ગુણ વગર સગુણ પણ
ખામીભરેલું
૬૩ બંને એકબીજાનાં પૂરક :
રામચરિત્રમાંથી દાખલો
૬૪ બંને એકબીજાનાં પૂરક :
કૃષ્ણચરિત્રમાંથી દાખલો
૬૫ સગુણ-નિર્ગુણ એકરૂપ :
સ્વાનુભવકથન
૬૬ સગુણ-નિર્ગુણ કેવળ દષ્ટિભેદ,
માટે ભક્ત-લક્ષણો પચાવવાં

**અધ્યાય તેરમો : ૧૪૧-૧૫૬**

**આત્માનાત્મવિવેક**

૬૭ કર્મયોગને ઉપકારક દેહાત્મપૃથક્કરણ
૬૮ સુધારણાનો મૂળ આધાર
૬૯ દેહાસક્તિને લીધે
જીવન નકામું થઈ જાય છે
૭૦ તત્ત્વમસિ
૭૧ જુલમી લોકોની સત્તા જતી રહી
૭૨ પરમાત્મશક્તિ પર ભરોસો
૭૩ પરમાત્મશક્તિનો ઉત્તરોત્તર અનુભવ
૭૪ નમ્રતા, નિર્દંભપણું વગેરે
પાયાની જ્ઞાન-સાધના

**અધ્યાય ચૌદમો : ૧૫૭-૧૭૧**

**ગુણોત્કર્ષ અને ગુણનિસ્તાર**

૭૫ પ્રકૃતિની ચિકિત્સા

૭૬ તમોગુણ અને તેનો ઇલાજ :
શરીરપરિશ્રમ
૭૭ તમોગુણના બીજા ઇલાજ
૭૮ રજોગુણ અને તેનો ઇલાજ :
સ્વધર્મમર્યાદા
૭૯ સ્વધર્મ કેવી રીતે નક્કી કરવો
૮૦ સત્ત્વગુણ અને તેનો ઇલાજ
૮૧ છેવટની વાત :
આત્મજ્ઞાન અને ભક્તિનો આશ્રય

**અધ્યાય પંદરમો : ૧૭૨-૧૮૪**

**પૂર્ણયોગ – સર્વત્ર પુરુષોત્તમ-દર્શન**

૮૨ પ્રયત્નમાર્ગથી ભક્તિ જુદી નથી
૮૩ ભક્તિથી પ્રયત્ન સુતરો થાય છે
૮૪ સેવાની ત્રિપુટી :
સેવ્ય, સેવક, સેવાનાં સાધન
૮૫ અહંશૂન્ય સેવા તે જ ભક્તિ
૮૬ જ્ઞાનલક્ષણ : હું પુરુષ,
તે પુરુષ, આ પણ પુરુષ
૮૭ સર્વ વેદનો સાર મારા હાથમાં છે

**અધ્યાય સોળમો : ૧૮૫-૧૯૭**

**પરિશિષ્ટ : ૧ –**

**દૈવી અને આસુરી વૃત્તિઓનો ઝઘડો**

૮૮ પુરુષોત્તમયોગની પૂર્વપ્રભા :
દૈવી સંપત્તિ
૮૯ અહિંસાની અને હિંસાની સેના
૯૦ અહિંસાના વિકાસના ચાર તબક્કા
૯૧ અહિંસાનો એક મહાન પ્રયોગ :
માંસાહારપરિત્યાગ
૯૨ આસુરી સંપત્તિની
ત્રેવડી મહત્ત્વાકાંક્ષા :
સત્તા, સંસ્કૃતિ અને સંપત્તિ
૯૩ કામ-ક્રોધ-લોભ-મુક્તિનો
શાસ્ત્રીય સંયમમાર્ગ

**અધ્યાય સત્તરમો : ૧૯૮-૨૧૨**

**પરિશિષ્ટ : ૨ – સાધકનો કાર્યક્રમ**

૯૪ સુબદ્ધ વર્તનથી
વૃત્તિ મોકળી રહે છે
૯૫ તે સારુ ત્રિવિધ ક્રિયાયોગ
૯૬ સાધનાનું સાત્ત્વિકીકરણ
૯૭ આહારશુદ્ધિ
૯૮ અવિરોધી જીવનની
ગીતાની યોજના
૯૯ સમર્પણનો મંત્ર
૧૦૦ પાપાપહારી હરિનામ

**અધ્યાય અઢારમો : ૨૧૩-૨૨૬**

**ઉપસંહાર –**

**ફળત્યાગની પૂર્ણતા : ઈશ્વર-પ્રસાદ**

૧૦૧ અર્જુનનો છેવટનો સવાલ
૧૦૨ ફળત્યાગ, સાર્વભૌમ કસોટી
૧૦૩ ક્રિયામાંથી છૂટવાની સાચી રીત
૧૦૪ સાધકને સારુ
સ્વધર્મની પાડેલી ફોડ
૧૦૫ ફળત્યાગનો એકંદર ફલિતાર્થ
૧૦૬ સાધનાની પરાકાષ્ઠા,
તેનું જ નામ સિદ્ધિ
૧૦૭ સિદ્ધ પુરુષની ત્રેવડી ભૂમિકા
૧૦૮ તુહી... તુહી... તુહી...

**સામ્યસૂત્ર-વૃત્તિઃ ૨૨૭**

# અધ્યાય પહેલો

## પ્રાસ્તાવિક આખ્યાયિકા — અર્જુનનો વિષાદ

### ૧. મધ્યે મહાભારતમ્

1 પ્રિય બંધુઓ, આજથી હું શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વિષે વાતો કરવાનો છું. ગીતાનો અને મારો સંબંધ તર્કની પેલી પારનો છે. મારું શરીર માના દૂધથી પોષાયું છે; પણ તેથીયે વધુ મારા હૃદય અને બુદ્ધિનું પોષણ ગીતાના દૂધથી થયું છે. અંતરની ઊંડી મમતાનો સંબંધ હોય છે ત્યાં તર્કને જગ્યા રહેતી નથી. તર્કને છોડી, શ્રદ્ધા ને પ્રયોગની બે પાંખોથી ગીતાના આકાશમાં મારાથી જવાય તેટલું ઊંચે હું ઊડું છું. ઘણુંખરું હું ગીતાના વાતાવરણમાં હોઉં છું. ગીતા એટલે મારું પ્રાણતત્ત્વ. બીજા કોઈકની સાથે ગીતા વિષે હું કોઈક વાર વાતો કરું છું ત્યારે ગીતાના સમુદ્રના તરંગો પર તરતો હોઉં છું અને એકલો હોઉં છું ત્યારે એ અમૃતના સાગરમાં ઊંડે ડૂબકી મારીને બેસું છું. આવી આ ગીતામાતાનું ચરિત્ર દર રવિવારે મારે કહેવું, એવું નક્કી થયું છે.

2 ગીતાની ગોઠવણ મહાભારતમાં કરવામાં આવી છે. આખાયે મહાભારત પર પ્રકાશ નાખતા ઊંચા દીવાની માફક ગીતા તેની વચ્ચોવચ ઊભી છે. એક બાજુ મહાભારતના છ અને બીજી બાજુ બાર પર્વ એમ મધ્યભાગે અને તેવી જ રીતે એક તરફ સાત અક્ષૌહિણી અને બીજી તરફ અગિયાર અક્ષૌહિણી સેનાની વચ્ચે એમ પણ મધ્યભાગે રહીને ગીતાનો ઉપદેશ થયેલો છે.

3 મહાભારત અને રામાયણ આપણા રાષ્ટ્રીય ગ્રંથો છે. એમાંની વ્યક્તિઓ આપણા જીવન સાથે એકરૂપ થયેલી છે. રામ, સીતા, ધર્મ, દ્રૌપદી, ભીષ્મ, હનુમાન વગેરેનાં ચરિત્રોએ મંત્રની જેમ આખાયે ભારતીય જીવનને હજારો વર્ષોથી વશ કરેલું છે. દુનિયાનાં બીજાં મહાકાવ્યોમાંનાં પાત્રો આવી રીતે લોકજીવનમાં ભળી ગયેલાં જોવાનાં મળતાં નથી. આ રીતે જોઈએ તો મહાભારત અને રામાયણ બંને ખરેખર અદ્‌ભુત ગ્રંથો છે. રામાયણ મધુર નીતિકાવ્ય છે અને મહાભારત વ્યાપક સમાજશાસ્ત્ર છે. એક લાખ શ્લોકો રચીને વ્યાસે અસંખ્ય ચિત્રો, ચરિત્રો અને ચારિત્ર્યો ઘણી કાબેલિયતથી આબેહૂબ દોર્યાં છે. તદ્દન નિર્દોષ એક પરમેશ્વર વગર કોઈ નથી અને તેવી જ રીતે આ જગતમાં કેવળ દોષોથી ભરેલું એવું પણ કંઈ નથી એ વાત મહાભારતે ચોખ્ખેચોખ્ખી કહી છે. એમાં ભીષ્મ ને યુધિષ્ઠિર જેવાના દોષો બતાવેલા છે અને તેથી ઊલટું, કર્ણ ને દુર્યોધન વગેરેના ગુણો પણ પ્રગટ કરી બતાવ્યા છે. માનવીનું જીવન ધોળા ને કાળા તાણાવાણાનો બનેલો તાકો છે એ વાત મહાભારત કહે છે.

વિશ્વમાંના વિરાટ સંસારનું છાયાપ્રકાશમય ચિત્ર ભગવાન વ્યાસ તેનાથી લેપાયા વગર અળગા રહીને બતાવે છે. વ્યાસની આ અત્યંત અલિપ્ત તેમ જ ઉદાત્ત ગૂંથણીની કુશળતાને લીધે મહાભારતનો ગ્રંથ સોનાની એક ઘણી મોટી ખાણ બન્યો છે. જેને જોઈએ તે એમાંથી શોધન કરીને ભરપટ્ટે સોનું લૂંટી શકે છે.

4 આવું મોટું મહાભારત વ્યાસે લખ્યું તો ખરું પણ તેમને પોતાને પોતાનું એવું ખાસ કંઈ કહેવાનું હતું કે નહીં ? પોતાનો વિશિષ્ટ સંદેશ તેમણે ક્યાંયે આપ્યો છે ખરો ? મહાભારતમાં કયે ઠેકાણે વ્યાસ સમાધિમાં તન્મય થયા છે? અનેક જાતનાં તત્ત્વજ્ઞાનનાં અને તરેહતરેહના ઉપદેશનાં વનનાં વન ઠેકઠેકાણે મહાભારતમાં ફેલાયેલાં છે પણ એ બધાં તત્ત્વજ્ઞાનનું, એ બધા ઉપદેશો અને એકંદરે આખા ગ્રંથનું સારભૂત રહસ્ય તેમણે કોઈ ઠેકાણે રજૂ કર્યું છે કે નથી ? હા, કર્યું છે. સમગ્ર મહાભારતનું નવનીત વ્યાસે ભગવદ્‌ગીતામાં આપ્યું છે. ગીતા વ્યાસની મુખ્ય શીખ અને તેમના મનનનો પૂરેપૂરો સંઘરો છે. એના આધારથી 'मुनिओमां हुं छुं व्यास' એ વિભૂતિ સાર્થક સાબિત કરવાની છે. પ્રાચીન કાળથી ગીતાને ઉપનિષદની પદવી મળેલી છે. ગીતા ઉપનિષદોનુંયે ઉપનિષદ છે. કેમકે બધાં ઉપનિષદોનું દોહન કરીને આ ગીતારૂપી દૂધ ભગવાને અર્જુનને નિમિત્ત બનાવી જગતને આપ્યું છે. જીવનના વિકાસને માટે જરૂરી એવો લગભગ એકેએક વિચાર ગીતામાં સમાયેલો છે. એથી જ ગીતા ધર્મજ્ઞાનનો કોષ છે એમ અનુભવી પુરુષોએ યથાર્થ કહ્યું છે. ગીતા નાનો સરખો તોયે હિંદુ ધર્મનો મુખ્ય ગ્રંથ છે.

5 ગીતા શ્રીકૃષ્ણે કહી છે એ બીના સૌ કોઈ જાણે છે. આ મહાન ઉપદેશ સાંભળનારો અર્જુન એ બોધ સાથે એવો સમરસ થયો કે તેને પણ 'કૃષ્ણ' સંજ્ઞા મળી; ઈશ્વર અને તેના ભક્તના હૃદયનું રહસ્ય પ્રગટ કરતાં કરતાં વ્યાસદેવ પીગળીને એટલા સમરસ થઈ ગયા કે તેમનેયે લોક 'કૃષ્ણ' નામથી ઓળખવા લાગ્યા. કહેનારો કૃષ્ણ, સાંભળનારો કૃષ્ણ અને રચનારો પણ કૃષ્ણ એવું એ ત્રણેમાં જાણે કે અદ્વૈત પેદા થયું. ત્રણેની જાણે કે એકચિત્ત બની સમાધિ લાગી. ગીતાનો અભ્યાસ કરનારે એવી જ એકાગ્રતા રાખવાની છે.

## ૨. અર્જુનની ભૂમિકાનો સંબંધ

6 કેટલાક લોકોને એવું લાગે છે કે ગીતાનો આરંભ બીજા અધ્યાયથી ગણવો જોઈએ. તો પછી બીજા અધ્યાયના અગિયારમા શ્લોકથી ઉપદેશની સીધી શરૂઆત થાય છે ત્યાંથી જ આરંભ સમજવામાંયે શો વાંધો છે ? એક જણે તો મને એટલે સુધી કહેલું, ''અક્ષરોમાં અકારને ખુદ ભગવાને પોતે ઈશ્વરી વિભૂતિ

ગણાવી છે. 'अशोच्यानन्वशोचस्त्वं'ના આરંભમાં અનાયાસે જ અકાર આવ્યો છે એટલે ત્યાંથી જ આરંભ ગણવો સારો !'' આ શબ્દચમત્કારને બાજુએ રાખીએ તો પણ એ આરંભ ઘણી રીતે યોગ્ય છે, એમાં શંકા નથી. આમ છતાં તેની આગળના પ્રાસ્તાવિક ભાગનુંયે મહત્ત્વ છે. અર્જુન કઈ ભૂમિકા પર છે, કઈ વાત કહેવાની એકંદરે ગીતાની પ્રવૃત્તિ છે એ બધું આ પ્રાસ્તાવિક કથાભાગ વગર બરાબર ધ્યાનમાં આવે એવું નથી.

7 અર્જુનની નામર્દાઈ દૂર કરી તેને યુદ્ધમાં પ્રવૃત્ત કરવાને સારુ ગીતાનો ઉપદેશ કરવામાં આવ્યો છે, એવું કેટલાક લોકોનું કહેવું છે. તેમના અભિપ્રાય મુજબ ગીતામાં કર્મયોગનો ઉપદેશ છે એટલું જ નહીં, તેમાં યુદ્ધયોગનો પણ ઉપદેશ છે. થોડો વિચાર કરવાથી આ વાતમાં રહેલી ભૂલ દેખાશે. અઢાર અક્ષૌહિણી સેના લડવાને તૈયાર ઊભી હતી. તો શું આપણે એમ કહીશું કે આખી ગીતા સંભળાવીને શ્રીકૃષ્ણે અર્જુનને તે સેનાની લાયકાતનો બનાવ્યો ? અર્જુન ગભરાઈ ગયો હતો, તે સેનાને ગભરાટ થયો નહોતો. એટલે શું તે સેનાની લાયકાત અર્જુન કરતાં વધારે હતી ? આવો તો વિચાર સરખો થાય એમ નથી. અર્જુન બીકણ હતો તેથી લડાઈથી મોઢું ફેરવીને ઊભો રહ્યો હતો એવું નથી. સેંકડો લડાઈઓ ખેલી ચૂકેલો તે મહાવીર હતો. ઉત્તરગોગ્રહણ એટલે કે વિરાટની ગાયો છોડાવવાને પ્રસંગે તેણે એકલાએ એકલે હાથે ભીષ્મ, દ્રોણ અને કર્ણને હરાવી તેમનું બળ હરી લીધું હતું. હંમેશ વિજય મેળવનારની અને બધા નરમાં એક જ સાચા નર તરીકેની તેની ખ્યાતિ હતી. તેના રોમેરોમમાં વીરવૃત્તિ ભરેલી હતી. અર્જુનને ચીડવવા માટે તેને નામર્દાઈનો ટોણો તો કૃષ્ણે પણ મારી જોયો હતો. એ બાણ જોકે ફોકટ ગયું ને પછી જુદા જ મુદ્દાઓ પર જ્ઞાન-વિજ્ઞાનનાં કેટલાંયે ભાષણો આપવાં પડયાં. તેથી નામર્દાઈ કાઢવા જેવું સરળ તાત્પર્ય ગીતાનું નથી, એ બીના ચોખ્ખી છે.

8 બીજા કેટલાક કહે છે કે અર્જુનની અહિંસાવૃત્તિ દૂર કરી તેને યુદ્ધમાં પ્રવૃત્ત કરવાને સારુ ગીતાનો ઉપદેશ કરવામાં આવ્યો છે. મારી સમજ પ્રમાણે આમ કહેવું બરાબર નથી. એ કેવી રીતે તે જોવાને આપણે અર્જુનની ભૂમિકા ઝીણવટથી તપાસવી પડશે. એ માટે પહેલો અધ્યાય અને બીજાની શરૂઆતમાં પેઠેલો અખાત જેવો ભાગ ઘણો કામનો છે.

અર્જુન રણમેદાન પર લડવાનો પાકો નિશ્ચય કરી કર્તવ્યની ભાવનાથી ઊભો રહ્યો હતો. ક્ષાત્રવૃત્તિ તેના સ્વભાવમાં હતી. યુદ્ધમાંથી ઊગરી જવાની પૂરેપૂરી કોશિશ કરવા છતાં તે ટાળી શકાયું નહોતું. સમજૂતીને માટે કૌરવો પાસે ઓછામાં ઓછી

માગણી અને શ્રીકૃષ્ણ જેવાની મધ્યસ્થી બંને ફોકટ ગયાં હતાં. આ સંજોગોમાં દેશદેશના રાજાઓને એકઠા કરી કૃષ્ણ પાસે પોતાનું સારથિપણું કરવાનું સ્વીકારાવી તે રણમેદાન પર ઊભો રહે છે અને વીરવૃત્તિના ઉત્સાહથી કૃષ્ણને કહે છે, "કોણ કોણ મારી સાથે લડવાને એકઠા મળ્યા છે તે બધાનાં મોઢાં એક વાર હું જોઈ લઉં તેટલા માટે બંને સેનાની વચ્ચોવચ મારો રથ લઈ જઈ ઊભો રાખો." કૃષ્ણ તેના કહેવા મુજબ કરે છે અને અર્જુન ચારેકોર નજર ફેરવે છે ત્યારે તેને શું દેખાય છે ? બંને બાજુ પર પોતાના સ્વજનોનો, સગાંવહાલાંનો પ્રચંડ જમાવ ઊભો છે. 'બાપ ને બેટા, દાદા ને પોતરા' એમ આપ્ત સંબંધની પાંચ-પાંચ પેઢી મારવાનો ને મરવાનો છેવટનો નિશ્ચય કરી એકઠી મળી છે એવું તેણે જોયું. આ વાતનો ખ્યાલ પહેલાં તેને નહીં આવ્યો હોય એવું નથી. પણ સ્થિતિ પ્રત્યક્ષ નજરે પડે છે ત્યારે તેની અસર જુદી જ થાય છે. એ આખો સગાંવહાલાંનો સમૂહ જોતાંવેંત તેનું દિલ ડહોળાવા માંડે છે. તેને બહુ ખરાબ લાગે છે. અત્યાર સુધીમાં અનેક લડાઈઓમાં તેણે અનેક વીરોનો સંહાર કર્યો હતો ત્યારે કોઈ વખતે તેને ખરાબ લાગ્યું નહોતું. તેનું ગાંડીવ તેના હાથમાંથી સરી પડ્યું નહોતું. તેના શરીરમાં કંપારી આવી નહોતી અને તેની આંખ ભીની થઈ નહોતી. ત્યારે આ વખતે જ આમ કેમ ? તેનામાં શું અશોકની માફક અહિંસાવૃત્તિનો ઉદય થયો હતો ? ના. આ બધી સ્વજનાસક્તિ હતી. એ ઘડીએ પણ સામા ગુરુ, ભાઈઓ ને સગાંવહાલાં ન હોત તો તેણે રમતમાં દડા ઉછાળે તેમ શત્રુઓનાં માથાં ઉડાવ્યાં હોત. પણ આસક્તિથી જન્મેલો મોહ તેની કર્તવ્યનિષ્ઠાને ગળી ગયો હતો અને પછી તેને તત્ત્વજ્ઞાન યાદ આવ્યું. કર્તવ્યનિષ્ઠ માણસ મોહમાં પડે તોયે ખુલ્લેખુલ્લી કર્તવ્યચ્યુતિ તેનાથી સહન થઈ શકતી નથી. તે પોતાની કર્તવ્યચ્યુતિને એકાદ સારા વિચારનો વાઘો ઓઢાડે છે. અર્જુનનું પણ એવું જ થયું. યુદ્ધ મૂળમાં જ પાપ છે એવા ઉછીના લીધેલા વિચારનું તે હવે પ્રતિપાદન કરવા લાગ્યો. યુદ્ધથી કુળનો ક્ષય થશે, ધર્મનો લોપ થશે, સ્વૈર આચાર બેફામ બનશે, વ્યભિચારવાદ ફેલાશે, દુકાળ આવી પડશે, સમાજ પર આફતો ઊતરશે, એવા એવા કેટલાયે મુદ્દા તે ખુદ શ્રીકૃષ્ણને સમજાવવા બેઠો !

9 મને અહીં એક ન્યાયાધીશની વાત યાદ આવે છે. એક ન્યાયાધીશ હતો. સેંકડો ગુનેગારોને તેણે ફાંસીની સજા કરી હતી. પણ એક દિવસ તેના પોતાના દીકરાને ખૂની તરીકે તેની સામે ખડો કરવામાં આવ્યો. દીકરા પર મુકાયેલો ખૂનનો આરોપ સાબિત થયો ને તેને ફાંસીની સજા કરવાનું એ ન્યાયાધીશને માથે આવ્યું. પણ તેમ કરતાં તે ન્યાયાધીશ અચકાયો. એટલે તેણે બુદ્ધિવાદભરી વાતો કરવા માંડી.

''ફાંસીની સજા અમાનવીય છે; એવી સજા કરવાનું માણસને શોભતું નથી; માણસના સુધરવાની આશા એને લીધે રહેતી નથી; ખૂન કરનારે લાગણીના આવેશમાં આવી ખૂન કર્યું પણ તેની આંખ પરનાં લોહીનાં પડળ ઊતરી ગયા પછી પણ ગંભીરતાથી તે માણસને ઊંચકીને ફાંસીએ લટકાવીને મારવાનું કામ સમાજની માણસાઈને નીચું જોવડાવનારું તેમ જ ડાઘ લગાડનારું છે.'' આ ને આવા મુદ્દા ન્યાયાધીશે રજૂ કરવા માંડ્યા. આ છોકરો સામો આવ્યો ન હોત તો મરતાં સુધી ન્યાયાધીશ સાહેબ ખાસા ફાંસીની સજાઓ ટીપતા રહ્યા હોત. દીકરા પરના મમત્વને લીધે ન્યાયાધીશ આ પ્રમાણે બોલવા લાગ્યા હતા. તેમનું એ બોલવું અંતરનું નહોતું. તે આસક્તિજન્ય હતું. 'આ મારો દીકરો છે' એવા મમત્વમાંથી જન્મેલું એ કથન હતું.

10 અર્જુનની ગતિ એ ન્યાયાધીશ જેવી થયેલી. તેણે રજૂ કરેલા મુદ્દા ખોટા કે ભૂલભરેલા નહોતા. ગયા મહાયુદ્ધનાં આવાં અચૂક પરિણામ દુનિયાએ જોયાં છે. પણ વિચારવા જેવી વાત એટલી છે કે અર્જુનની એ ફિલસૂફી નહોતી. એ તેનો પ્રજ્ઞાવાદ હતો. શ્રીકૃષ્ણને એની બરાબર ખબર હતી. તેથી એ મુદ્દો જરાયે ધ્યાનમાં ન લેતાં તેમણે સીધો મોહનાશ માટેનો ઇલાજ અખત્યાર કર્યો. અર્જુન ખરેખર અહિંસાવાદી બન્યો હોત તો બીજાં આડ જ્ઞાન-વિજ્ઞાન ગમે તેણે ગમે તેટલાં સમજાવ્યાં હોત તોયે મૂળ મુદ્દાનો જવાબ મળ્યા વગર તેને સમાધાન થયું ન હોત. પણ આખી ગીતામાં ક્યાંયે એ મુદ્દાનો જવાબ નથી. અને છતાં અર્જુનને સમાધાન થયેલું છે. આ બધી વાતનો સાર એટલો કે અર્જુનની લાગણી અહિંસાવૃત્તિની નહોતી. તે યુદ્ધપ્રવૃત્ત જ હતો. તેની દૃષ્ટિએ યુદ્ધ તેનું સ્વભાવપ્રાપ્ત અને અપરિહાર્ય ઠરેલું કર્તવ્ય હતું. મોહમાં ફસાઈને એ કર્તવ્ય તે હવે ટાળવા માગતો હતો; અને ગીતાનો મુખ્ય હુમલો એ મોહ પર જ છે.

## ૩. ગીતાનું પ્રયોજન : સ્વધર્મવિરોધી મોહનો નિરાસ

11 અર્જુન એકલી અહિંસાની જ નહીં, સંન્યાસની ભાષા પણ બોલવા માંડ્યો હતો. આ લોહીથી ખરડાયેલા ક્ષાત્રધર્મ કરતાં સંન્યાસ સારો, એવું અર્જુન કહે છે. પણ એ અર્જુનનો સ્વધર્મ હતો કે ? તેની વૃત્તિ એવી હતી ખરી કે ? સંન્યાસીનો વેશ અર્જુન સહેજે લઈ શક્યો હોત પણ સંન્યાસીની વૃત્તિ તે કેવી રીતે ને ક્યાંથી લાવે ? સંન્યાસનું નામ લઈ તે વનમાં ગયો હોત તો ત્યાં તેણે હરણાં મારવા માંડ્યાં હોત. તેથી ભગવાને સાફ કહ્યું, ''અરે અર્જુન, લડાઈ કરવાની ના પાડે છે એ તારો કેવળ ભ્રમ છે. આજ સુધીમાં તારો જે સ્વભાવ ઘડાયો છે તે તને લડાઈમાં ખેંચ્યા વગર રહેવાનો નથી.''

અર્જુનને સ્વધર્મ વિગુણ એટલે કે ફીકો લાગે છે. પણ સ્વધર્મ ગમે તેટલો વિગુણ હોય તોયે તેમાં જ રહીને માણસે પોતાનો વિકાસ સાધવો જોઈએ કેમકે સ્વધર્મમાં રહીને જ વિકાસ થઈ શકે છે. એમાં અભિમાનનો સવાલ નથી. વિકાસનું એ સૂત્ર છે. સ્વધર્મ મોટો છે માટે સ્વીકારવાનો હોતો નથી અને નાનો હોય માટે ફેંકી દેવાનો હોતો નથી. હકીકતમાં તે મોટોયે નથી હોતો ને નાનોયે નથી હોતો. તે મારા માપનો, લાયકનો હોય છે. 'श्रेयान् स्वधर्मो विगुणः' એ ગીતાવચનમાંના ધર્મ શબ્દનો અર્થ હિંદુ ધર્મ, મુસલમાન ધર્મ, ખ્રિસ્તી ધર્મ એ બધામાં વપરાતા ધર્મ શબ્દના અર્થ જેવો નથી. દરેક વ્યક્તિનો ધર્મ અલગ અલગ હોય છે. અહીં મારી સામે બેઠેલા આ તમારા બસો લોકોના બસો ધર્મો છે. મારો ધર્મ પણ દસ વરસ પહેલાં હતો તે આજે નથી અને આજનો દસ વરસ પછી રહેવાનો નથી. ચિંતનથી અને અનુભવથી વૃત્તિ પલટાતી જાય છે તેમ તેમ પહેલાંનો ધર્મ ખરતો જાય છે અને નવો આવી મળે છે. મમત કે જબરજસ્તીથી એમાં કંઈ કરવાપણું હોતું નથી.

12 બીજાનો ધર્મ સારામાં સારો લાગે તોયે તે સ્વીકારવામાં મારું કલ્યાણ નથી. સૂરજનું અજવાળું મને ગમે છે. એ પ્રકાશથી પોષાઈને હું વધું છું. સૂર્ય મારે સારુ વંદવાયોગ્ય પણ ખરો. પણ એટલા ખાતર મારું પૃથ્વી પરનું રહેવાનું છોડી હું તેની પાસે જવા નીકળું તો બળીને ખાખ થઈ જાઉં. એથી ઊલટું, પૃથ્વી પર રહેવાનું વિગુણ લાગે, ફીકું લાગે, સૂર્યની આગળ પૃથ્વી ભલે તદ્દન તુચ્છ હોય, તે પોતાના તેજથી ભલે ન પ્રકાશતી હોય, તો પણ સૂર્યનું તેજ સહન કરવાની શક્તિ કે તેવું સામર્થ્ય મારામાં ન હોય ત્યાં સુધી સૂરજથી આઘે પૃથ્વી પર રહીને જ મારે મારો વિકાસ સાધવો જોઈએ. માછલીને કોઈ કહે કે, પાણી કરતાં દૂધ કીમતી છે. દૂધમાં જઈને રહે, તો માછલી એ વાત કબૂલ રાખશે કે ? માછલી પાણીમાં સલામત રહેશે ને દૂધમાં મરી જશે.

13 બીજાનો ધર્મ સહેલો લાગે તેથીયે સ્વીકારવાનો ન હોય. ઘણી વાર તો સહેલાપણાનો ખાલી ભાસ હોય છે. સંસારમાં સ્ત્રી-બાળકોનું જતન બરાબર થઈ શકતું ન હોય તેથી થાકીને કે કંટાળીને કોઈ ગૃહસ્થ સંન્યાસ લે તો તે ઢોંગ થાય અને અઘરું પણ પડે. તક મળતાંવેંત તેની વાસનાઓ જોર કર્યા વગર નહીં રહે. સંસારનો ભાર ખેંચાતો નથી માટે ચાલ જીવ, વનમાં જઈને રહું એવું વિચારી વનમાં જઈને રહેનારો સંસારી પહેલાં ત્યાં જઈને નાની સરખી ઝૂંપડી ઊભી કરશે; પછી તેના બચાવને માટે તેની ફરતે વાડ કર્યા વગર નહીં રહે. એમ કરતાં કરતાં ત્યાં

તેને સવાયો સંસાર ઊભો કરવાનો વારો આવ્યા વગર પણ નહીં રહે. વૈરાગ્યવૃત્તિ હોય તો સંન્યાસમાં અઘરું શું છે ? સંન્યાસ સહેલો છે એમ બતાવનારાં સ્મૃતિવચનો પણ ક્યાં નથી ? પણ અસલ મુદ્દો વૃત્તિનો છે. જેની જેવી સાચી વૃત્તિ હશે, તે મુજબ તેનો ધર્મ રહેશે. શ્રેષ્ઠ કે કનિષ્ઠ, સહેલો કે અઘરો એ સવાલ નથી. સાચો વિકાસ થવો જોઈએ. સાચી પરિણતિ જોઈએ.

14 પણ કોઈ કોઈ ભાવિક સવાલ કરે છે, 'યુદ્ધ કરવાના ધર્મ કરતાં સંન્યાસ કોઈ પણ સંજોગોમાં વધારે ચડિયાતો હોય તો ભગવાને અર્જુનને સાચો સંન્યાસી શા સારુ ન બનાવ્યો ? ભગવાનથી શું એ બને એવું નહોતું ?' તેમનાથી ન બની શકે એવું કશું નહોતું. પણ પછી તેમાં અર્જુનનો પુરુષાર્થ શો રહ્યો હોત ? પરમેશ્વર બધી જાતની છૂટ આપનારો છે. મહેનત જેણે તેણે જાતે કરવી રહે છે. એમાં જ ખરી મીઠાશ છે. નાનાં છોકરાંને જાતે ચિત્ર કાઢવામાં મોજ પડે છે. તેમનો હાથ પકડી કોઈ ચિત્ર કઢાવે તે તેમને ગમતું નથી. શિક્ષક છોકરાંઓને ઝપાટાબંધ એક પછી એક દાખલા કરી આપે તો છોકરાંઓની બુદ્ધિ વધે ક્યાંથી ? માબાપે, ગુરુએ સૂચના કરવી. પરમેશ્વર અંદરથી સૂચના આપ્યા કરે છે. એથી વધારે બીજું કંઈ તે કરતો નથી. કુંભારની માફક ઈશ્વર ઠોકીને કે ટીપીને અથવા થાપીને હરેકનું માટલું ઘડે તેમાં સાર શો ? અને આપણે કંઈ માટીનાં માટલાં નથી, આપણે ચિન્મય છીએ.

15 સ્વધર્મની આડે આવનારો જે મોહ છે, તેના નિવારણને માટે ગીતાનો જન્મ છે, એ બીના આ બધા વિવેચન પરથી તમારા સૌના ખ્યાલમાં આવી હશે. અર્જુન ધર્મસંમૂઢ થયો હતો, સ્વધર્મની બાબતમાં તે મોહમાં ફસાયો હતો. શ્રીકૃષ્ણે આપેલા પહેલા ઠપકા પછી આ વાત અર્જુન જાતે કબૂલ કરે છે. એ મોહ, એ આસક્તિ, એ મમત્વ દૂર કરવાં એ જ ગીતાનું મુખ્ય કામ છે. આખી ગીતા સંભળાવી રહ્યા પછી ભગવાન પૂછે છે, "અર્જુન, મોહ ગયો ?" અર્જુને જવાબ આપ્યો, "ભગવાન, મોહ મરી ગયો, સ્વધર્મનું ભાન થયું." આમ, ગીતાનો ઉપક્રમ અને ઉપસંહાર બંનેનો મેળ બેસાડીને જોતાં મોહનિરાકરણ એ જ ગીતાનું ફળ દેખાય છે. એકલી ગીતાનો નહીં, ખુદ મહાભારતનો પણ એ જ ઉદ્દેશ છે. વ્યાસે છેક મહાભારતના આરંભમાં કહ્યું છે કે લોકોનાં હૃદય પર છવાયેલા મોહના પડદાને હઠાવવાને હું આ ઇતિહાસ-પ્રદીપ ચેતાવું છું.

## ૪. ઋજુ બુદ્ધિવાળો અધિકારી

16 હવે પછીની આખી ગીતા સમજવામાં અર્જુનની આ ભૂમિકા આપણને ઉપયોગી થઈ તે સારુ આપણે તેનો આભાર માનીશું. એ સિવાય બીજો પણ તેનો

એક ઉપકાર છે. અર્જુનની આ ભૂમિકામાં તેના મનની અત્યંત ઋજુતા ચોખ્ખી દેખાય છે. અર્જુન શબ્દનો અર્થ ઋજુ એટલે કે સરળ સ્વભાવનો એવો થાય છે. તેના મનમાં જે કંઈ વિચાર અથવાં વિકાર ઊઠયા તે બધા તેણે નિખાલસપણે કૃષ્ણની આગળ રજૂ કર્યા. પોતાના ચિત્તમાં તેણે કશું રહેવા ન દીધું. અને છેવટે તે શ્રીકૃષ્ણને શરણ ગયો. હકીકતમાં તે આગળથી કૃષ્ણશરણ હતો. શ્રીકૃષ્ણને પોતાના સારથિને પદે સ્થાપી પોતાના રથના ઘોડાની લગામ તેના હાથમાં સોંપી તે જ વખતે તેણે પોતાની મનોવૃત્તિની લગામ પણ તેના હાથમાં સોંપવાની તૈયારી રાખી હતી. ચાલો, આપણે પણ એમ જ કરીએ. અર્જુન આગળ તો કૃષ્ણ હતા, પણ આપણને શ્રીકૃષ્ણ ક્યાંથી મળશે ? આપણે એમ ન કહીએ. કૃષ્ણ એટલે એ નામવાળી કોઈક એક વ્યક્તિ છે એવી ઐતિહાસિક ઉર્ફ ભ્રામક સમજમાં આપણે ન ફસાઈએ. અંતર્યામી સ્વરૂપે કૃષ્ણ આપણા દરેકના હૃદયમાં વિરાજમાન છે. આપણી પાસેમાં પાસે તે જ છે. આપણા દિલમાંનો બધો મેલ આપણે તેની આગળ ખુલ્લો કરીએ ને તેને કહીએ, ''હે ઈશ્વર, હું તારે શરણે છું. તું મારો અનન્ય ગુરુ છે. મને ગમે તે એક રસ્તો બતાવ. તું બતાવશે તે જ રસ્તે જઈશ.'' આપણે આમ કરીશું તો તે પાર્થસારથિ આપણું પણ સારથિપણું કર્યા વગર રહેવાનો નથી. ખુદ પોતાને શ્રીમુખે તે આપણને ગીતા સંભળાવશે અને વિજયલાભ અપાવશે.

રવિવાર, ૨૧-૨-'૩૨

# અધ્યાય બીજો

## બધો ઉપદેશ ટૂંકમાં : આત્મજ્ઞાન અને સમત્વબુદ્ધિ

### ૫. ગીતાની પરિભાષા

1 ભાઈઓ, ગયે વખતે આપણે અર્જુનનો વિષાદયોગ જોયો. અર્જુનના જેવી ઋજુતા અને હરિશરણતા હોય તો વિષાદનો પણ યોગ બને છે. એને જ હૃદયમંથન કહે છે. સંકલ્પકારોની માફક ગીતાની આ ભૂમિકાને અર્જુન-વિષાદયોગ એવું વિશેષ નામ ન આપતાં મેં વિષાદયોગ એવું સર્વસામાન્ય નામ આપ્યું છે, કેમકે ગીતાને માટે અર્જુન કેવળ એક નિમિત્ત છે. પંઢરીના પાંડુરંગનો અવતાર એકલા પુંડલીકને સારુ થયો છે એવું નથી. પુંડલીકને નિમિત્ત બનાવી તે આપણા જડ જીવોના ઉદ્ધારને સારુ આજ હજારો વરસોથી ઊભો છે એ આપણે જોઈએ છીએ. એ જ પ્રમાણે ગીતાની કૃપા અર્જુનને નિમિત્તે થઈ હોવા છતાં તે આપણા સૌને સારુ છે. એથી ગીતાના પહેલા અધ્યાયને વિષાદયોગનું સામાન્ય નામ જ શોભે છે. અહીંથી ગીતાનું વૃક્ષ વધતું વધતું છેલ્લા અધ્યાયમાંના પ્રસાદયોગરૂપી ફળ સુધી પહોંચવાનું છે. ઈશ્વરની ઇચ્છા હશે તો આપણી આ જેલની કારકિર્દીમાં આપણે પણ ઠેઠ ત્યાં જઈ પહોંચીશું.

2 બીજા અધ્યાયથી ગીતાની શીખનો આરંભ થયો છે અને શરૂઆતમાં જ ભગવાન જીવનના મહાસિદ્ધાંતો બતાવે છે. જેના પર જીવનની ઇમારત ઊભી કરવાની છે તે જીવનનાં મુખ્ય તત્ત્વો પહેલાં ગળે ઊતરી જાય તો પછી આગળનો રસ્તો સહેલો થઈ જાય, એવી દૃષ્ટિ એમાં રહેલી છે. ગીતાના બીજા અધ્યાયમાંના સાંખ્યબુદ્ધિ શબ્દનો અર્થ હું જીવનના મૂળભૂત સિદ્ધાંત એવો કરું છું. એ મૂળ સિદ્ધાંત હવે આપણે જોવાના છે. પણ તે પહેલાં આ સાંખ્ય શબ્દના પ્રસંગથી ગીતામાં વપરાયેલા પારિભાષિક શબ્દના અર્થની બાબતમાં થોડો ખુલાસો કરી લેવો સારો.

જૂના શાસ્ત્રીય શબ્દો નવા અર્થમાં વાપરવાની ગીતાની ખાસિયત છે. જૂના શબ્દો પર નવા અર્થોની કલમ બાંધવી, એ વિચારક્રાંતિની અહિંસક પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં વ્યાસની ખાસ હથોટી બેસી ગયેલી છે. આથી ગીતામાં વપરાયેલા શબ્દોને વ્યાપક સામર્થ્ય મળ્યું હોઈ ગીતા તાજી, નરવી ને પ્રફુલ્લિત રહી છે અને અનેક વિચારકો પોતપોતાની જરૂર તેમ જ પોતપોતાના અનુભવ પ્રમાણે તેમાંથી અનેક અર્થ ઘટાવી શક્યા છે. એ બધા અર્થો જેની તેની ને જે તે ભૂમિકા પરથી સાચા હોઈ શકે, અને તે અર્થોનો વિરોધ કરવાની જરૂર ન રહેતાં આપણે સ્વતંત્ર અર્થ કરી શકીએ છીએ —એવી મારી પોતાની દૃષ્ટિ છે.

3 આ સંબંધમાં ઉપનિષદમાં એક મજાની વાત છે. એક વખત દેવ, દાનવ અને માનવ ઉપદેશ લેવાને પ્રજાપતિ પાસે પહોંચ્યા. પ્રજાપતિએ ત્રણેને ઉપદેશમાં 'द' એટલો એક જ અક્ષર આપ્યો. દેવોએ કહ્યું, ''અમે દેવો કામી રહ્યા; અમને ભોગવિલાસનો ચસકો પડી ગયેલો. અમને પ્રજાપતિએ 'द' અક્ષરથી દમન કરો એમ શીખવ્યું.'' દાનવોએ કહ્યું, ''અમે દાનવો ક્રોધી; દયાથી અમે આઘા રહેલા. પ્રજાપતિએ 'द' અક્ષર વડે અમને દયા કરો એમ શીખવ્યું.'' માનવોએ કહ્યું, ''અમે માનવો લોભી; અમે સંઘરો કરવા પાછળ પડેલા. 'द' અક્ષરથી દાન કરો, એવું પ્રજાપતિએ અમને શીખવ્યું.'' પ્રજાપતિએ બધાયના અર્થ સાચા ગણ્યા કેમકે બધાયને તે પોતાના અનુભવમાંથી લાધ્યા હતા. ગીતામાં આવતી પરિભાષાનો અર્થ કરતી વખતે ઉપનિષદમાંની આ વાર્તા આપણે ખસૂસ ધ્યાનમાં રાખવી.

## ૬. જીવનસિદ્ધાંત : ૧. દેહ વડે સ્વધર્માચરણ

4 બીજા અધ્યાયમાં જીવનના ત્રણ મહાસિદ્ધાંત રજૂ થયેલા છે. (૧) આત્માની અમરતા ને અખંડતા, (૨) દેહની ક્ષુદ્રતા અને (૩) સ્વધર્મની અબાધ્યતા. આવા આ ત્રણ સિદ્ધાંતો છે. આમાંનો સ્વધર્મનો સિદ્ધાંત કર્તવ્યરૂપ છે એટલે કે આચરણમાં મૂકવાનો છે. અને બાકીના બે જ્ઞાતવ્ય છે એટલે કે જાણવાના છે. ગયે વખતે સ્વધર્મની બાબતમાં મેં થોડું કહ્યું હતું. આ સ્વધર્મ આપણને કુદરતી રીતે આવી મળે છે. સ્વધર્મને શોધવો પડતો નથી. એવું કંઈ નથી કે આપણે આકાશમાંથી પડ્યા ને ભૂમિનો આધાર મળતાં ખડા થઈ ગયા. આપણો જન્મ થયો તે પહેલાં આ સમાજ હસ્તીમાં હતો. આપણાં માબાપ હતાં ને આપણાં પડોશી પણ હતાં. આમ, આપણો જન્મ આ ચાલુ પ્રવાહમાં થાય છે. જે માબાપને પેટે મેં જન્મ લીધો તેમની સેવા કરવાનો ધર્મ જન્મથી જ મને પ્રાપ્ત થયો છે. જે સમાજમાં હું જન્મ્યો તેની સેવા કરવાનો ધર્મ મને ચાલતા આવેલા પ્રવાહમાંથી આપોઆપ આવી મળે છે. આપણા જન્મની સાથે જ આપણો સ્વધર્મ જન્મે છે; બલકે, તે આપણા જન્મની આગળથી આપણે માટે તૈયાર હોય છે એમ કહેવુંયે ખોટું નથી. એનું કારણ એ કે તે આપણા જન્મનો હેતુ છે. તે પાર પાડવાને આપણે જન્મ્યા છીએ. કોઈ કોઈ લોકો સ્વધર્મને પત્નીની ઉપમા આપે છે અને પત્નીનો સંબંધ અવિચ્છેદ્ય એટલે કે તોડ્યો તોડી ન શકાય એવો મનાયો છે તેમ સ્વધર્મનો ને આપણો સંબંધ અવિચ્છેદ્ય છે એવું તેનું વર્ણન કરે છે. મને આ ગૌણ લાગે છે. હું સ્વધર્મને માની ઉપમા આપું છું. મારી માની પસંદગી મારે આ જન્મમાં

કરવાની બાકી રહેલી નથી. તે આગળથી થઈ ચૂકેલી છે, સિદ્ધ છે. મા ગમે તેવી હોય, મા મટી શકતી નથી. એવી જ સ્થિતિ સ્વધર્મની છે. આ જગતમાં આપણને સ્વધર્મ વગર બીજો કોઈ આશ્રય કે આધાર નથી. સ્વધર્મને ટાળવાની કોશિશ કરવી એ 'સ્વ'ને ટાળવા જેવું આત્મઘાતીપણું છે. સ્વધર્મને આશ્રયે જ આપણે આગળ જઈ શકીએ છીએ. અને તેથી એ આશ્રય અથવા આધાર કોઈએ કદી પણ છોડવાનો હોય નહીં. આ જીવનનો એક મૂળભૂત સિદ્ધાંત ઠરે છ.

5 સ્વધર્મ એવો સહેજે આવી મળનારો છે કે માણસને હાથે સહેજે તેનું આચરણ અથવા પાલન થયા વગર રહે નહીં. પણ તરેહતરેહના મોહને લીધે એમ થતું નથી, અથવા તેમાં પાર વગરની મુશ્કેલી પડે છે, અને પાલન થાય છે તોયે તેમાં ઝેર ભેળવેલું હોય છે. સ્વધર્મના રસ્તામાં કાંટા પાથરનારા મોહનાં બાહ્ય રૂપોની સંખ્યાનો પાર નથી. છતાં તે બધાં રૂપોનું પૃથક્કરણ કરતાં તે બધાંના મૂળમાં જે એક મુખ્ય વાત જોવાની મળે છે તે સંકુચિત તેમ જ છીછરી એવી દેહબુદ્ધિની છે. હું અને મારી સાથે મારા શરીર સંબંધથી બંધાયેલા માણસો, તેટલી જ મારી વ્યાપ્તિ. એની બહારના તે બધા મારા નહીં, પારકા અથવા દુશ્મન, એવી ભેદની દીવાલ આ સંકુચિત ને છીછરી એવી દેહબુદ્ધિ ઊભી કરે છે. અને એ દેહબુદ્ધિ મારી પોતાની બાબતમાં અથવા જેમને મેં મારાં માન્યાં હોય તેમની બાબતમાં પણ શરીરને જ જુએ છે. દેહબુદ્ધિના આ બેવડા કૂંડાળામાં ફસાઈને આપણે આપણા જીવનમાં જાતજાતનાં ખાબોચિયાં બનાવીએ છીએ. ઘણુંખરું સૌ કોઈ એ ખાબોચિયાં બાંધવાના ધંધામાં જ મંડયા રહે છે. કોઈનાં ખાબોચિયાં નાનાં તો કોઈનાં મોટાં એટલો જ ફેર. પણ આખરે એ બધાં મોટાં કે નાનાં પણ ખાબોચિયાં જ રહે છે. આ શરીરની ચામડીથી એ ખાબોચિયાનું ઊંડાણ કે ફેલાવો આગળ વધતો નથી. કોઈ કુટુંબના અભિમાનનું બંધિયાર ખાબોચિયું બાંધી તેમાં મગ્ન રહે છે, તો કોઈ વળી દેશાભિમાનના જરા મોટા ખાબોચિયા સુધી પહોંચે છે. બ્રાહ્મણ-બ્રાહ્મણેતરનાં ખાબોચિયાં, હિંદુ-મુસલમાનનાં ખાબોચિયાં એમ એક યા બીજે નામે ખાબોચિયાંનો સુમાર નથી. જ્યાં જોશો ત્યાં આ બંધિયાર નાનાં કે પછી મોટાં ખાબોચિયાં વગર બીજું જોવાનું નહીં મળે. અરે, આ જેલમાં સુધ્ધાં આપણે રાજદ્વારી કેદીઓ ને ઇતર કેદીઓ એવાં ખાબોચિયાં બનાવ્યા વિના રહ્યા નથી ! કેમ જાણે એ વગર આપણને જીવવાનું ફાવતું જ નથી ! પણ એનું પરિણામ શું આવે છે ? એક જ. હલકા વિચારોનાં જંતુઓ ફેલાયા કરે છે અને સ્વધર્મરૂપી તંદુરસ્તીનો નાશ થયા કરે છે.

## ૭. જીવનસિદ્ધાંત : ૨. દેહાતીત આત્માનું ભાન

6 આવી દશામાં એકલી સ્વધર્મની નિષ્ઠાથી પહોંચી નહીં વળાય. એ માટે બીજા બે સિદ્ધાંતોનું ભાન રાખવાની જરૂર છે. આજ મરે કે કાલ મરે એવો આ નબળો દેહ હું નથી. શરીર કેવળ ઉપરનો નજીવો પોપડો છે, એ એમાંનો એક સિદ્ધાંત છે. હું કદીયે ન મરનારો અખંડ તેમ જ વ્યાપક આત્મા છું, એ એમાંનો બીજો સિદ્ધાંત છે. એ બંને મળીને એક સંપૂર્ણ તત્ત્વજ્ઞાન બને છે.

ગીતાને આ તત્ત્વજ્ઞાન એટલું બધું અગત્યનું લાગ્યું છે કે તેનું આવાહન તેણે પહેલાં કર્યું ને પછી સ્વધર્મનો અવતાર કર્યો. કોઈ કોઈ પૂછે છે કે તત્ત્વજ્ઞાનના આ શ્લોકો શરૂઆતમાં શા માટે ? પણ મને પોતાને એમ લાગે છે કે જેની જગ્યા બિલકુલ બદલી ન શકાય એવા ગીતાના કોઈ શ્લોક હોય તો તે આ શ્લોકો છે.

આટલું તત્ત્વજ્ઞાન મનમાં બરાબર ઠસી જાય તો સ્વધર્મ અને તેનું પાલન જરાયે અઘરું નથી એટલું જ નહીં, પછી સ્વધર્મ સિવાય બીજી કોઈ બાબતનું પાલન કે આચરણ અઘરું થઈ જાય. આત્મતત્ત્વનું અખંડપણું અને દેહનું નજીવાપણું એ બે વાતો સમજવી અઘરી નથી. કેમકે બંને સત્ય વસ્તુઓ છે. પણ એ બંને વાતોનો વિચાર કરતા રહેવો જોઈએ, તેમને વારંવાર ચિત્તમાં વાગોળવી જોઈએ. આપણી આ બહારની ચામડીનું મહત્ત્વ ઓછું કરી અંદર રહેલા આત્માને મહત્ત્વનો ગણતાં આપણે શીખવું જોઈએ.

7 આ દેહ ક્ષણે ક્ષણે બદલાયા કરે છે. બાળપણ, જુવાની અને ઘડપણના ચક્રનો સૌને અનુભવ છે. આજના શાસ્ત્રજ્ઞો આગળ જઈને એટલે સુધી કહે છે કે સાત વરસમાં શરીર તદ્દન બદલાઈ જાય છે અને જૂના લોહીનું એક પણ ટીપું શરીરમાં બાકી રહેતું નથી. આપણા જૂના લોકો માનતા કે બાર વરસમાં જૂનું શરીર મરી જાય છે. અને તેથી પ્રાયશ્ચિત્તો, તપશ્ચર્યા, અધ્યયન વગેરેની મુદત એમણે બાર વરસની ઠરાવેલી. આપણે એવી વાતો સાંભળીએ છીએ કે ઘણાં વરસના વિયોગ પછી દીકરો માને મળ્યો ત્યારે તે તેને ઓળખી ન શકી ! તો શું આવો આ ક્ષણે ક્ષણે પલટાતો ને પ્રતિક્ષણે મરી જનારો દેહ એ તારું સાચું સ્વરૂપ છે કે? રાત ને દિવસ જેમાં મળમૂત્રની નીકો વહે છે અને તારા જેવો જબરો ધોનારો મળેલો હોવા છતાં જેનું અસ્વચ્છતાનું વ્રત છૂટતું નથી તે તું છે કે? તે અસ્વચ્છ, તું તેને સ્વચ્છ કરવાવાળો; તે રોગી, તું તેનાં દવાદારૂ કરવાવાળો; તે માત્ર સાડા ત્રણ હાથ જમીન પર પડી રહેનારો ને તું ત્રિભુવનવિહારી; તે નિત્ય પરિવર્તન પામનારો ને તું તેના પલટાઓનો જોવાવાળો સાક્ષી; તે મરવાવાળો ને તું તેના મરણની વ્યવસ્થા

જોવાવાળો; આવો તારી ને તેની વચ્ચેનો ભેદ ચોખ્ખો હોવા છતાં તું સંકુચિત શાને રહે છે ? દેહના સંબંધો તેટલા જ મારા એમ શું કહ્યા કરે છે ? અને આવા આ દેહના મરણનો શોક શાને કરે છે ? ભગવાન પૂછે છે, 'દેહનો નાશ એ વળી શોક કરવા જેવી બાબત હોય ખરી કે ?'

8 દેહ વસ્ત્ર જેવો છે. જૂનો ફાટી જાય છે તેથી નવો લઈ શકાય છે. આત્માને એકનો એક દેહ કાયમનો વળગી રહેતો હોત તો તેનું ઠેકાણું ન રહેત. બધોયે વિકાસ થંભી જાત, આનંદનો લોપ થાત અને જ્ઞાનની પ્રભા ઝાંખી પડી જાત. એથી દેહનો નાશ હરગિજ શોક કરવા યોગ્ય નથી. આત્માનો નાશ થતો હોત તો તે બીના ખરેખર ઘણો શોક કરવા જેવી થાત. પણ આત્મા તો અવિનાશી છે, આત્મા એક અખંડ વહેતો ઝરો છે. તેના પર અનેક દેહ આવે છે ને જાય છે. તેથી દેહની સગાઈમાં ફસાઈને શોક કરવો ને આ મારા ને આ પારકા એવા ભેદ પાડવા એ તદ્દન ખોટું છે. બ્રહ્માંડ એક સુંદર વણેલું લૂગડું છે. નાનું છોકરું કાતર હાથમાં લઈ લૂગડાના કકડા કરે તે પ્રમાણે આ દેહ જેવડી કાતર લઈ આ વિશ્વાત્માના કકડા પાડવા એના જેવી બીજી કોઈ નાદાની છે ખરી કે ? બીજી કોઈ હિંસા છે ખરી કે ?

જે ભારતભૂમિમાં બ્રહ્મવિદ્યાનો જન્મ થયો તે જ આ ભૂમિમાં નાનામોટા વાડાઓ અને નાનીમોટી ન્યાતોનો રાફડો ફાટી નીકળેલો જોવાનો મળે છે, એ ખરેખર બહુ ખેદની વાત છે. અને અહીં મરણનો તો એટલો બધો ડર ઘર કરીને બેઠો છે કે તેટલો ભાગ્યે જ બીજે ક્યાંયે હશે. ઘણા લાંબા વખતથી ઊતરી આવેલી પરતંત્રતાનું એ પરિણામ છે એમાં જરાયે શક નથી. પણ મરણનો આવો ડર પરતંત્રતાનું એક કારણ છે એ વાત પણ ભૂલી ગયે ચાલે એવું નથી.

9 અરે ! મરણ શબ્દ કે તેનો ઉચ્ચાર પણ આપણે સહન કરી શકતા નથી ! મરણનું નામ લેવું આપણે ત્યાં અશુભ લેખાય છે —'अगा मर हा बोल न साहती। आणि मेलिया तरी रडती' —અરે, મર એવો બોલ સહી શકતા નથી અને મરે છે ત્યારે રડે છે, એવું જ્ઞાનદેવને બહુ દુખ સાથે લખવું પડ્યું. કોઈ મરી જાય ત્યારે આપણે ત્યાં કેવી રડારોળ ને કેવો કકળાટ થાય છે ! અને આપણને એમ કરવાનું જાણે ખાસ કર્તવ્ય લાગે છે ! રડવાવાળાંને મજૂરી આપીને ભાડે બોલાવવા સુધી આપણે ત્યાં વાત પહોંચી છે ! મરણ સામું આવી ઊભું હોય છતાં આપણે રોગીને તેની વાત કરતા નથી; દાકતર કહે કે આ હવે બચે એમ નથી તો પણ માંદાને ભરમમાં રખાય છે; દાકતર પણ ચોખ્ખું કહેતો નથી અને છેવટ સુધી ગળામાં દવા

રેડયા કરે છે. રોગીને સાચી વાત જણાવી ધીરજ આપી તેને ઈશ્વરના સ્મરણ તરફ વાળીએ તો તેના પર કેટલો ઉપકાર થાય! પણ સૌને એક જ ધાક કે ધક્કો લાગવાથી માટલું આગળથી ફૂટી જાય તો ? પણ ફૂટતાં પહેલાં માટલું કેવી રીતે ફૂટવાનું હતું ? અને બે કલાક પછી જે ફૂટ્યા વગર રહેવાનું નથી તે જરા વહેલું ફૂટી ગયું તોયે શું થવાનું હતું ? આનો અર્થ એવો નથી કે આપણે કઠોર અને પ્રેમશૂન્ય થવું. પણ દેહાસક્તિ કંઈ પ્રેમ નથી. ઊલટું, દેહાસક્તિમાંથી છૂટ્યા વગર ખરા પ્રેમનો કદી ઉદય થતો નથી.

દેહાસક્તિ છૂટી જાય તો દેહ સેવાનું સાધન છે એ વાત સમજાય. અને પછી દેહને તેને લાયકની સાચી પ્રતિષ્ઠા પણ મળ્યા વગર નહીં રહે. પણ આજે દેહની પૂજાને જ આપણે સાધ્ય માની બેઠા છીએ. આપણું સાધ્ય સ્વધર્મનું આચરણ છે એ વાત આપણે સાવ વીસરી ગયા છીએ. સ્વધર્મનું આચરણ બરાબર થાય તે સારુ દેહનું જતન કરવું જોઈએ અને તેને ખાવાનું ને પીવાનું આપવું જોઈએ પણ જીભના ચસકા પૂરા કરવાની જરાયે જરૂર નથી. કડછી શિખંડમાં બોળો કે કઢીમાં બોળો, તેને તેનું સુખ નથી કે દુખ નથી. જીભનું એવું થવું જોઈએ. તેને રસનું એટલે કે સ્વાદનું જ્ઞાન હોવું જોઈએ પણ તેનું સુખ કે દુખ ન હોવું જોઈએ. શરીરનું ભાડું શરીરને ચૂકવી દીધું કે કામ પત્યું. રેંટિયા પાસેથી સૂતર કંતાવવું છે માટે તેમાં તેલ પૂરવું જોઈએ. તેવું જ શરીર પાસેથી કામ લેવાનું છે માટે તેમાં કોલસો પૂરવો જોઈએ. આ ઢબે દેહનો ઉપયોગ કરવાથી તે અસલમાં ક્ષુદ્ર હોવા છતાં કિંમતમાં વધી શકે અને તેને પોતાને છાજતી પ્રતિષ્ઠા પણ મળે.

10 પણ દેહને સાધન તરીકે ન વાપરતાં આપણે તેમાં ડૂબી જઈ આત્માનો સંકોચ કરીએ છીએ. એથી મૂળમાં ક્ષુદ્ર એવો દેહ વધારે ક્ષુદ્ર બને છે. એથી જ સંતો ઠોકી ઠોકીને કહે છે કે 'देह आणि देहसंबंधें निंदावीं । इतरें वंदावीं श्वानसूकरें ।' દેહ અને દેહના સંબંધોને વખોડી કાઢો ને છોડો, નહીં તો કૂતરાં ને ડુક્કરની પૂજા કરવી શી ખોટી ? અરે જીવ ! દેહની સાથે જેમનો સંબંધ બંધાય છે તેમની જ આખો વખત પૂજા કર મા. બીજાંને પણ ઓળખતાં શીખ. સંતો આપણને આ રીતે આપણી જાતને વ્યાપક બનાવવાનો આગ્રહ કરે છે. આપણાં સગાંવહાલાં ને મિત્રો સિવાય બીજાંઓની પાસે પોતાનો થોડો સરખોયે આત્મા આપણે લઈ જઈએ છીએ ખરા કે ? 'जीव जीवांत घालावा । आत्मा आत्म्यांत मिसळावा'। જીવને જીવમાં પરોવવો ને આત્માને આત્મામાં ભેળવવો, એવું આપણે કરીએ છીએ ખરા કે ? આપણા આત્મ-હંસલાને આ પિંજર બહારની હવા આપણે લગાડીએ છીએ ખરા કે ? મારા

માની લીધેલા કૂંડાળાને ભેદીને કાલે મેં દસ નવા મિત્રો બનાવ્યા, આજે તેના પંદર થયા, કાલે પચાસ થશે; આમ કરતાં કરતાં એક દિવસ આખું વિશ્વ મારું ને હું આખાયે વિશ્વનો એવો અનુભવ કર્યા વિના હું રહેવાનો નથી, એવું કદી તમારા મનમાં થાય છે ખરું કે ? આપણે જેલમાંથી સગાંવહાલાંને કાગળ લખીએ છીએ તેમાં નવાઈ શી છે ? પણ જેલમાંથી છૂટેલા એકાદ નવા દોસ્તને, રાજદ્વારી કેદી નહીં, ચોર કેદીને એકાદ કાગળ લખશો કે ?

11 આપણો આત્મા વ્યાપક થવાને ખરેખર તરફડિયાં મારે છે. આખા જગતને ક્યારે ભેટું એમ તેને થયા કરે છે. પણ આપણે તેને ગોંધી રાખીએ છીએ. આત્માને આપણે કેદી બનાવી રાખ્યો છે. આપણને તે યાદ સરખો આવતો નથી. સવારથી માંડીને સાંજ સુધી આપણે દેહની સેવામાં મચ્યા રહીએ છીએ. એ દેહનું પોષણ કેટલું થયું, તે કેટલો વધ્યો કે તે કેટલો સુકાયો એ વગર આપણે બીજી ફિકર કરતા નથી. જાણે કે આપણે સારુ બીજો કોઈ આનંદ જ નથી. ભોગ અને સ્વાદનો આનંદ તો જાનવરો પણ ભોગવે છે. હવે ત્યાગનો અને સ્વાદને તોડવાનો આનંદ કેવો હોય છે તે તારે જોવું છે કે નહીં ? પોતાને કકડીને ભૂખ લાગી હોય છતાં સામેની ભરેલી થાળી બીજા કોઈ ભૂખ્યાને આપી દેવામાં કેવો આનંદ છે તેનો અનુભવ કરવા માંડ; એની મીઠાશ ચાખી જો. મા છોકરાને માટે ઘસાય છે ત્યારે તેને આ મીઠાશ થોડી સરખી ચાખવાની મળે છે. માણસ 'મારું' કહીને જે સાંકડું કૂંડાળું બનાવે છે તેમાંયે અજાણપણે આત્મવિકાસની મીઠાશ ચાખવાનો તેનો ઉદ્દેશ હોય છે. એ રીતે દેહમાં વીંટળાયેલો ને પુરાયેલો આત્મા થોડો ને થોડા વખત પૂરતો બહાર નીકળે છે. પણ એ બહાર નીકળવાનું કેવું છે ? જેલની કોટડીમાં પુરાયેલા કેદીનું કામને બહાને જેલના ચોગાનમાં નીકળવાનું થાય તેવું. પણ એટલું બહાર નીકળવાથી આત્માનું કામ પાર પડતું નથી. આત્માને મુક્તાનંદ જોઈએ છે.

12 ટૂંકમાં, (૧) અધર્મ અને પરધર્મ એમ બંને આડા રસ્તા છોડી સાધકે સ્વધર્મનો સહેલો ને સીધો ધોરી રસ્તો પકડવો. સ્વધર્મની કેડી કદી ન છોડવી. (૨) દેહ ક્ષણભંગુર છે એ વાત બરાબર ગોખી રાખી તેને સ્વધર્મના પાલનને અર્થે વાપરવો અને સ્વધર્મને સારુ જરૂર પડ્યે છોડી દેતાં જરાયે અચકાવું નહીં. (૩) આત્માના અખંડપણાનું અને વ્યાપકપણાનું ભાન સતત જાગ્રત રાખી ચિત્તમાંથી સ્વ-પર ભેદ કાઢી નાખવો. જીવનના આ મુખ્ય સિદ્ધાંત ભગવાને બતાવ્યા છે. એને આચરનારો માણસ એક દિવસ 'नरदेहाचेनि साधनें, सच्चिदानंदपदवी घेणें' —આ મનખા દેહના સાધન વડે સચ્ચિદાનંદ પદવી લેવાનો અનુભવ કરશે, એમાં શંકા નથી.

## ૮. બંનેનો મેળ સાધવાની યુક્તિ : ફળત્યાગ

13 ભગવાને જીવનના સિદ્ધાંત બતાવ્યા તો ખરા, પણ ખાલી સિદ્ધાંત બતાવી મૂકવાથી કામ પાર પડતું નથી. ગીતામાં વર્ણવેલા આ સિદ્ધાંતો ઉપનિષદોમાં અને સ્મૃતિઓમાં એ પહેલાં બતાવેલા છે. ગીતાએ તે ફરી રજૂ કર્યા તેમાં ગીતાની અપૂર્વતા નથી. આ સિદ્ધાંતો આચરવા કેવી રીતે, એ દેખાડવામાં ગીતાની અપૂર્વતા છે. આ મહાપ્રશ્ન ઉકેલવામાં ગીતાનું ખાસ કાબેલપણું છે.

જીવનના સિદ્ધાંત અમલમાં મૂકવાની હથોટી અથવા યુક્તિને જ યોગ કહે છે. સાંખ્ય એટલે સિદ્ધાંત અથવા શાસ્ત્ર, અને યોગ એટલે કળા. 'योगियां साधली जीवनकळा' યોગીઓએ જીવનની કળા હાથ કરી છે, એવી સાખ જ્ઞાનદેવે ક્યારની પૂરેલી છે. ગીતા સાંખ્ય ને યોગ, શાસ્ત્ર ને કળા બંને વડે પરિપૂર્ણ છે. શાસ્ત્ર ને કળા બંને મળીને જીવનનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠે છે. એકલું શાસ્ત્ર ખાલી હવામાં અદ્ધર રહેશે. સંગીતનું શાસ્ત્ર સમજાય તોયે ગળામાંથી સંગીત પ્રગટ કરવાની કળા હાથ લાગ્યા વગર નાદબ્રહ્મ પૂરું ખીલી નહીં ઊઠે. આટલા સારુ ભગવાને સિદ્ધાંત બતાવ્યા, તેની સાથે તેમનો વિનિયોગ શીખવનારી કળા પણ બતાવી છે. એ કળા કઈ છે ? દેહને તુચ્છ લેખી આત્માનું અમરપણું ને અખંડપણું ધ્યાનમાં રાખી, સ્વધર્મનું આચરણ કરવાની આ કળા કઈ છે ?

કર્મ કરનારાઓની વૃત્તિ બેવડી હોય છે. અમે કર્મ કરીએ તો તે કર્મનાં ફળ અમે ચાખ્યા વગર ન રહીએ, અમારો એ હક છે. એ એક વૃત્તિ છે. અને એથી ઊલટી બાજુ, અમને ફળ ચાખવાનાં ન મળવાનાં હોય તો અમે કર્મ કરવાના નથી, એ ઊઠવેઠ અમે શા સારુ કરીએ ? એ બીજી વૃત્તિ છે. ગીતા ત્રીજી એક વૃત્તિનું પ્રતિપાદન કરે છે. ગીતા કહે છે, "કર્મ તો કરો જ પણ ફળનો અધિકાર રાખશો નહીં." કર્મ કરનારને ફળનો હક છે. પણ તમારો એ હક રાજીખુશીથી છોડી દો. રજોગુણ કહે છે, 'લઈશ તો ફળની સાથે લઈશ.' તમોગુણ કહે છે, 'છોડીશ, ફેંકી દઈશ તો ફળ સાથે કર્મને પણ ફેંકી દઈશ.' બંને એકબીજાના પિતરાઈ છે. એનાથી ઉપર જઈ શુદ્ધ સત્ત્વગુણી થાઓ. કર્મ કરી તેનું ફળ છોડો, અને ફળ છોડી કર્મ કરો. આગળ કે પાછળ, કર્મ કરતાં પહેલાં કે તે પાર પાડ્યા પછી ફળની આશા રાખશો ના.

14 ફળની આશા રાખશો ના, એમ કહેતી વખતે કર્મ સારામાં સારું થવું જોઈએ એમ ગીતા ઠોકી ઠોકીને કહે છે. સકામ પુરુષના કર્મ કરતાં નિષ્કામ પુરુષનું કર્મ વધારે સારું થવું જોઈએ, એ અપેક્ષા તદ્દન બરાબર છે. કેમકે સકામ પુરુષ ફળને વિષે

આસક્તિવાળો હોવાથી ફળ બાબતના સ્વપ્ન-ચિંતનમાં તેનો થોડોઘણો વખત બગડ્યા વગર નહીં રહે અને તેની થોડીઘણી શક્તિ વેડફાયા વગર નહીં રહે. પણ ફળની ઇચ્છા વગરના પુરુષની એકેએક ક્ષણ અને બધી શક્તિ કર્મ પાર પાડવામાં વપરાશે. નદીને રજા હોતી નથી. પવનને વિસામો ખાવાનો હોતો નથી. સૂર્યને હંમેશ બળતા રહેવા સિવાય બીજી પ્રવૃત્તિ નથી. એ જ પ્રમાણે નિષ્કામ-કર્તાને સતત સેવાકર્મ વગર બીજી ફિકર હોતી નથી. આમ, નિરંતર કર્મમાં મંડયા રહેનાર પુરુષનું કામ સારામાં સારું નહીં થાય તો બીજા કોનું થવાનું હતું ? આ ઉપરાંત કુશળતા માટે ચિત્તનું સમત્વ, બીજો એક મોટો જરૂરી ગુણ છે. અને તેના પર નિષ્કામ પુરુષનો ખાસ માલિકીનો હક છે. એકાદું તદ્દન બહારની કારીગરીનું કામ લઈએ તો પણ તેમાં હાથની કુશળતાની સાથે ચિત્તની સમતાનો મેળ હશે તો કામ વધારે સુંદર થશે એ વાત દીવા જેવી ખુલ્લી છે. વળી, સકામ અને નિષ્કામ પુરુષ બંનેની કર્મ કરવાની દૃષ્ટિમાં જે ફરક છે, તે પણ નિષ્કામ પુરુષના કર્મને વધારે અનુકૂળ છે. સકામ પુરુષ કર્મ તરફ સ્વાર્થની દૃષ્ટિથી જુએ છે. મારું જ કર્મ અને મારું જ ફળ એવી તેની નજર હોય છે. એથી કર્મમાં જરા બેધ્યાન થવાય તોયે તેમાં તે નૈતિક દોષ માનતો નથી. બહુ તો વહેવારુપણાનો દોષ માને છે. પણ નિષ્કામ પુરુષની સ્વકર્મની બાબતમાં નૈતિક કર્તવ્યબુદ્ધિ હોવાથી તેમાં જરાયે ઊણપ ન રહે તે માટે તે ચીવટ રાખે છે. એથી પણ તેનું કર્મ વધારે ખામી વગરનું નીવડે છે. કોઈ પણ રીતે જોતાં ફળત્યાગનું તત્ત્વ અત્યંત કુશળ અને સફળ સાબિત થાય છે. એથી ફળત્યાગને યોગ એટલે કે જીવનની કળાના નામથી ઓળખવો જોઈએ.

15 નિષ્કામ કર્મની વાત બાજુએ રહેવા દઈ બીજી રીતે જોઈએ તો પણ પ્રત્યક્ષ કર્મમાં જે આનંદ છે તે તેના ફળમાં નથી. સ્વકર્મ કરતાં કરતાં તેમાં જે એક જાતની તન્મયતા થાય છે તે આનંદનો ઝરો છે. ચિત્રકારને કહીએ કે, "ચિત્ર કાઢવાનું રહેવા દે. એ માંડી વાળવાને જેટલા જોઈએ તેટલા પૈસા તને આપીશું." તો એ આપણી વાત નહીં સાંભળે. ખેડૂતને કહો કે, "તું ખેતરમાં ના જઈશ, ઢોર ચારીશ નહીં, કોસ હાંકવાનું માંડી વાળ. અમે તને તારે ત્યાં જોઈએ તેટલું અનાજ ભરી આપીશું." હાડનો સાચો ખેડૂત હશે તો એને આ સોદો નહીં ખપે. ખેડૂત સવારના પહોરમાં ખેતરે જાય છે. સૂર્યનારાયણ તેનું સ્વાગત કરે છે. પંખીઓ તેને સારુ ગીતો ગાય છે. ગાય-વાછરડાં તેની ફરતે એકઠાં મળેલાં છે. પ્રેમથી અને ઊલટથી તે તેમના પર હાથ ફેરવી તેમને પંપાળે છે. પોતે રોપેલાં ઝાડ તે જોઈ વળે છે. આ બધાં કાર્યોમાં એક સાત્ત્વિક આનંદ રહેલો છે. એ કર્મનું મુખ્ય અને સાચું ફળ આ આનંદ છે. તેની સરખામણીમાં તેનું બહારનું ફળ છેક ગૌણ બની જાય છે.

ગીતા માણસની નજર કર્મફળ પરથી હઠાવી લેવાને કહે છે ત્યારે એ તરકીબથી તેની કર્મ સાથેની તન્મયતા સેંકડોગણી વધારી આપે છે. ફળની અપેક્ષા રાખ્યા વગર કર્મ કરનારા પુરુષની પોતાના કામ સાથેની તન્મયતા સમાધિના દરજ્જાની હોય છે. એથી તેને મળતો આનંદ બીજા લોકોના આનંદ કરતાં સોગણો હોય છે. આ રીતે જોતાં નિષ્કામ કર્મ એ જ મોટું ફળ છે, એ બીના સમજાય છે. "ઝાડને ફળ બેસે છે પણ ફળને બીજું કયું ફળ આવશે ?" એમ જ્ઞાનદેવે સવાલ કર્યો છે તે તદ્દન બરાબર છે. આ દેહરૂપી વૃક્ષને નિષ્કામ સ્વધર્માચરણ જેવું મજાનું ફળ બેસે પછી બીજા કયા ફળની અને શા સારુ અપેક્ષા રાખવી ? ખેડૂત ખેતરમાં ઘઉં પકવે તે વેચીને જુવાર લાવી તેના રોટલા તેણે શા સારુ ખાવા ? કેળની રસાળ વાડી બનાવી પછી તેમાંનાં કેળાં વેચીને મરચાં લાવી તે શા માટે ખાય ? અરે, એ કેળાં જ ખાને ! પણ લોકમતને આજે એ વાત મંજૂર નથી. કેળાં ખાવાનું સદ્ભાગ્ય હોવા છતાં લોકો મરચાં ખાવા બેસી જાય છે. ગીતા કહે છે, એવું ન કરશો. કર્મ જ ખાઓ, કર્મ જ પીઓ, કર્મ જ પચાવો. જે કંઈ છે તે બધું કર્મ કર્યામાં સમાઈ જાય છે. છોકરાં રમવાનો આનંદ મેળવવાને રમે છે. એથી કસરતનું ફળ તેમને આપોઆપ સહેજે મળે છે પણ એ ફળ પર તેમની નજર હોતી નથી. તેમનો સર્વ આનંદ રમત રમવામાં હોય છે.

## ૯. ફળત્યાગનાં બે ઉદાહરણ

16 સંતોએ પોતાના જીવનથી આ વાત ચોખ્ખી બતાવી છે. તુકારામની ભક્તિ જોઈ શિવાજી મહારાજને તેમને માટે ઘણા માનની લાગણી થતી. એક વખત પાલખી વગેરે મોકલી તેમણે તેમનું સન્માન કરવાનું શરૂ કર્યું. પોતાના સ્વાગતનો આવો ઠાઠ જોઈ તુકારામને ખૂબ દુખ થયું. તેમણે પોતાના મનમાં વિચાર કર્યો, મારી ભક્તિનું આ ફળ ? આને સારુ હું ઈશ્વરની ભક્તિ કરું છું ? તેમને થયું કે માન સન્માનનું ફળ બતાવી ઈશ્વર જાણે કે પોતાને અળગા કરવા માગે છે. તેમણે કહ્યું,

"जाणोनि अंतर । टाळिसील करकर ।
तुज लागली हे खोडी । पांडुरंगा बहु कुडी ॥"

'મારું અંતર જાણી લઈ તું મારી કચકચ ટાળવાના પ્રયાસ કરીશ. હે પાંડુરંગ, તને આ બહુ બૂરી ટેવ છે. હે ઈશ્વર, તારી ટેવ સારી નથી. તું આવી નજીવી લોભામણી બતાવી મને કાઢવા માગતો હશે. તારા મનમાં તું કહેતો હશે કે આ બલા બારણેથી ટળે તો સારું ! પણ હું કંઈ કાચો નથી. હું તારા પગ જોરથી પકડીને બેસીશ.' ભક્તના સ્વધર્મ ભક્તિ છે અને ભક્તિને બીજાં ફળોના ફણગા ફૂટવા ન દેવા એ જ તેની જીવનકળા છે.

17 પુંડલીકનું ચરિત્ર ફળત્યાગનો આનાથીયે ઊંડો આદર્શ બતાવે છે. પુંડલીક માબાપની સેવા કરતો હતો. એ સેવાથી પ્રસન્ન થઈ પાંડુરંગ તેને મળવાને દોડી આવ્યા. પણ પાંડુરંગને છંદે ચડીને હાથમાંની સેવા પડતી મૂકવાનો તેણે ઇન્કાર કર્યો. માબાપની આ સેવા તેની ઊંડી અંતરની મમતાવાળી ઈશ્વરભક્તિ હતી. કોઈક દીકરો બીજાને લૂંટીને માબાપને સુખસગવડ લાવી આપતો હશે અથવા કોઈક દેશસેવક બીજા દેશોનો દ્રોહ કરી સ્વદેશની ચડતી કરવા ધારતો હશે પણ એ બંનેની એ ભક્તિ નહીં કહેવાય, આસક્તિ કહેવાશે. પુંડલીક એવી આસક્તિમાં ફસાયો નહોતો. ઈશ્વરની મૂર્તિ સામે આવી ઊભી રહી પણ પરમેશ્વર તેવડો જ હતો કે ? એ રૂપનું દર્શન થયું તે પહેલાં સૃષ્ટિ ખાલી મડદું હતી કે ? પુંડલીકે ઈશ્વરને કહ્યું, "હે ભગવાન, તું સાક્ષાત્ ઈશ્વર મને મળવાને સામો ચાલીને આવ્યો છે તે હું સમજું છું. પરંતુ હું 'પણ-સિદ્ધાંત' માનવાવાળો છું. તું એકલો જ ઈશ્વર છે એ વાત મને મંજૂર નથી. તું પણ ઈશ્વર છે ને આ મારાં માબાપ પણ મારે સારુ ઈશ્વર છે. એમની સેવામાં હું છું તે વખતે તારા તરફ ધ્યાન આપી શકતો નથી. માટે તું મને માફ કરજે." આમ કહી પાંડુરંગને ઊભા રહેવાને તેણે એક ઈંટ આગળ સરકાવી અને પોતે પોતાના સેવાકાર્યમાં મશગૂલ થઈ ગયો. તુકારામ કૌતુક અને વિનોદમાં કહે છે,

"कां रे प्रेमें मातलासी । उभें केलें विठ्ठलासी ॥
ऐसा कैसा रे तूं धीट । मागें भिरकाविली वीट ॥"

—અલ્યા 'પ્રેમથી કેવો ફાટયો છે ! ખુદ વિઠ્ઠલને પણ ઊભો રાખ્યો ! અને ધીટ પણ કેવો કે પાછું ફરીને જોયા વગર તેને ઊભા રહેવાને પાછળ ઈંટ ફેંકી !'

18 પુંડલીકે વાપરેલો આ 'પણ-સિદ્ધાંત' ફળત્યાગની તરકીબનું એક અંગ છે. ફળત્યાગી પુરુષની કર્મસમાધિ જેમ ઊંડી હોય છે તેમ તેની વૃત્તિ વ્યાપક, ઉદાર અને સમ હોય છે. એથી તરેહતરેહનાં તત્ત્વજ્ઞાનોની જંજાળમાં તે ફસાતો નથી અને પોતાનું જે હોય તેને છોડતો નથી. 'नान्यदस्तीतिवादिनः' 'આ જ છે અને બીજું નથી, એવા વાદવિવાદમાં પણ તે પડતો નથી. આ પણ છે અને તે પણ છે. પરંતુ મારા પૂરતું આ જ છે,' એવી તેની નમ્ર તેમ જ નિશ્ચયી વૃત્તિ રહે છે. એક વખત એક સાધુ પાસે જઈને એક ગૃહસ્થે તેને પૂછ્યું, "મોક્ષને માટે શું ઘર છોડવું જ પડે ?" સાધુએ કહ્યું, "એવું કોણ કહે છે ? જનક જેવાએ રાજમહેલમાં રહીને મોક્ષ મેળવ્યો. પછી તારે ઘર છોડવાની જરૂર શી ?" ત્યાર બાદ બીજો એક ગૃહસ્થ આવીને સાધુને પૂછવા લાગ્યો, "મહારાજ, ઘર છોડયા વગર મોક્ષ મળે

ખરો કે ?'' સાધુએ કહ્યું કે, ''કોણ કહે છે ? ઘરમાં રહીને એમ આરામથી મોક્ષ મળી જતો હોય તો શુક જેવાએ ઘર છોડ્યું તે શું બેવકૂફ હતા ?'' પછી એ બેઉ ગૃહસ્થોનો ભેટો થયો અને તેમની વચ્ચે ઝઘડો પડ્યો. એક કહે સાધુએ ઘર છોડવાનું કહ્યું છે. બીજો કહે ઘર છોડવાની જરૂર નથી એવું કહ્યું છે. બંને સાધુ પાસે પાછા આવ્યા. સાધુએ કહ્યું, ''બંને વાત સાચી છે. જેવી જેની વૃત્તિ તેવો તેને માટે રસ્તો. અને જેવો જેનો સવાલ તેવો તેને જવાબ. ઘર છોડવાની જરૂર નથી એ પણ ખરું છે અને ઘર છોડવાની જરૂર છે એ પણ ખરું છે.'' આનું નામ 'પણ-સિદ્ધાંત' છે.

19 પુંડલીકના દાખલા પરથી ફળત્યાગ કેટલી હદ સુધી પહોંચે છે એ જોવાનું મળે છે. ઈશ્વર તુકારામને જે લોભામણી આપીને ટાળવા માગતો હતો તેની સરખામણીમાં પુંડલીકને આપવા ધારેલી લોભામણીની ચીજ કેટલીયે મોહક હતી. પણ તેનાથીયે તે ભરમાયો નહીં. ભરમાઈ જાત તો ઠગાઈ જાત. એક વખત સાધનનો નિશ્ચય થઈ ગયા પછી છેવટ સુધી તેનું પાલન અને તેનો આચાર ચાલુ રહેવો જોઈએ. વચમાં સાક્ષાત્ ઈશ્વરનું દર્શન આડું આવીને ઊભું રહે તો તેને ખાતર સાધન છોડવાનું હોય નહીં. આ દેહ બાકી રહ્યો હોય તો સાધનને માટે છે. ઈશ્વરનું દર્શન તો જ્યારે જોઈએ ત્યારે હાથમાં જ છે. તે ક્યાં જવાનું હતું ? 'सर्वात्मकपण माझें हिरोनि नेतो कोण ? मनीं भक्तीची आवडी' —'મારું સર્વાત્મકપણું હરી જનારું કોણ છે ? મનમાં ભક્તિની રુચિ છે.' તે ભક્તિ પૂરી કરવાને આ જન્મ છે. 'मा ते संगोऽस्त्वकर्मणि' એ ગીતાવચનના અર્થમાં એવી અપેક્ષા છે કે નિષ્કામ કર્મ કરતાં કરતાં અકર્મની એટલે કે છેવટની કર્મમુક્તિની એટલે જ મોક્ષની વાસના પણ રાખવી નહીં. વાસનામાંથી છુટકારાનું નામ જ મોક્ષ છે. મોક્ષને વાસનાની શી જરૂર ? ફળત્યાગથી આટલો પંથ કાપ્યો એટલે જીવનની કળા સોળે કળાએ સિદ્ધ થઈ જાણવી.

## ૧૦. આદર્શ ગુરુમૂર્તિ

20 શાસ્ત્ર બતાવ્યું, કળા બતાવી. પણ એટલાથી પૂરેપૂરું ચિત્ર નજર સામે ઊભું થતું નથી. શાસ્ત્ર નિર્ગુણ છે. કળા સગુણ છે. પણ સગુણ સુધ્ધાં આકાર ધારણ ન કરે ત્યાં સુધી વ્યક્ત થતું નથી. કેવળ નિર્ગુણ જેમ હવામાં અદ્ધર રહે છે તેવું નિરાકાર સગુણનું પણ બને એવો પૂરો સંભવ છે. ગુણ જેનામાં ઠરીને મૂર્તિમંત થયો હોય તેવા ગુણીનું દર્શન એ જ આ મુશ્કેલીનો ઇલાજ છે. તેથી અર્જુન કહે છે, ''હે ભગવાન, જીવનના મુખ્ય સિદ્ધાંતો તો તમે કહી બતાવ્યા. એ સિદ્ધાંતોને અમલમાં મૂકવાની કળા પણ તમે બતાવી. છતાં હજી મને ચોખ્ખો ખ્યાલ આવતો

નથી. હવે મારે ચરિત્ર સાંભળવું છે. સાંખ્યનિષ્ઠા જેની બુદ્ધિમાં સ્થિર થઈ હોય, ફળત્યાગરૂપ યોગ જેના જીવન સાથે વણાઈ ગયો હોય એવા પુરુષનાં લક્ષણો મને વર્ણવી બતાવો. ફળત્યાગનું પૂરેપૂરું ઊંડાણ બતાવનારો, કર્મસમાધિમાં મગ્ન રહેનારો, અટળ નિશ્ચયનો મહામેરુ —જેને સ્થિતપ્રજ્ઞ કહીને ઓળખાવાય તે પુરુષનું બોલવાનું કેવું હોય છે, બેસવા-ઊઠવાનું કેવું હોય છે, ચાલવાનું કેવું હોય છે, તે બધું મને કહો. એ મૂર્તિ કેવી હોય છે ? તેને ઓળખવી કેવી રીતે ? હે ભગવાન, આ બધું કહો.''

21 અર્જુનના આ સવાલોના જવાબમાં બીજા અધ્યાયના છેવટના અઢાર શ્લોકોમાં સ્થિતપ્રજ્ઞનું ગંભીર તેમ જ ઉદાત્ત ચરિત્ર ભગવાને વર્ણવ્યું છે. આ અઢાર શ્લોકોમાં ગીતાના અઢારે અધ્યાયનો જાણે કે સાર સંઘર્યો છે. સ્થિતપ્રજ્ઞ ગીતાની આદર્શ મૂર્તિ છે. એ શબ્દ પણ ગીતાનો સ્વતંત્ર યોજેલો છે. આગળ પાંચમા અધ્યાયમાં જીવન્મુક્તનું, બારમામાં ભક્તનું, ચૌદમામાં ગુણાતીતનું અને અઢારમામાં જ્ઞાનનિષ્ઠનું આવું જ વર્ણન છે. પણ એ બધાં કરતાં સ્થિતપ્રજ્ઞનું વર્ણન વધારે વિસ્તારથી તેમ જ ખુલાસાવાર કરેલું છે. તેમાં સિદ્ધનાં લક્ષણોની સાથે સાધકનાં લક્ષણો પણ બતાવ્યાં છે. હજારો સત્યાગ્રહી સ્ત્રી-પુરુષો રોજ સાંજની પ્રાર્થનામાં આ લક્ષણો બોલી જાય છે. દરેકેદરેક ગામમાં અને દરેકેદરેક ઘરમાં એ પહોંચાડી શકાય તો કેટલો આનંદ થાય ! પણ પહેલાં તે આપણા હૃદયમાં વસશે ત્યારે બહાર સહેજે આપોઆપ પહોંચી જશે. રોજ બોલાય તે પાઠ યાંત્રિક બની જાય તો ચિત્તમાં ઠસી જવાની વાત આઘી રહી, ઊલટો તે ભુંસાઈ જાય. પણ એ નિત્યપાઠનો વાંક નથી, મનનના અભાવની ખામી છે. નિત્યપાઠની સાથે સાથે નિત્ય મનન અને નિત્ય આત્મપરીક્ષણ બંનેની જરૂર રહે છે.

22 સ્થિતપ્રજ્ઞ એટલે સ્થિર બુદ્ધિવાળો પુરુષ એ તો એના નામ પરથી ચોખ્ખું સમજાય છે. પણ સંયમ વગર બુદ્ધિ સ્થિર ક્યાંથી થાય ? એથી સ્થિતપ્રજ્ઞને સંયમની મૂર્તિ કહ્યો છે. બુદ્ધિ આત્મનિષ્ઠ અને અંતર્બાહ્ય ઇન્દ્રિયો બુદ્ધિના તાબામાં, એ સંયમનો અર્થ છે. સ્થિતપ્રજ્ઞ બધી ઇન્દ્રિયોને લગામ ઘાલી કર્મયોગમાં પળોટે છે. ઇન્દ્રિયોરૂપી બળદ પાસે તે નિષ્કામ સ્વધર્માચરણની ખેતી વ્યવસ્થિત રીતે કરાવે છે. પોતાના એકેએક શ્વાસોચ્છ્વાસનો તે પરમાર્થમાં ઉપયોગ કરે છે.

23 ઇન્દ્રિયોનો આવો સંયમ સહેલો નથી. ઇન્દ્રિયોનો બિલકુલ ઉપયોગ ન કરવાનું એક રીતે સહેલું હોય એમ બને. મૌન, નિરાહાર વગેરે વાતો એટલી બધી અઘરી નથી. અને ઇન્દ્રિયોને બેલગામ છોડી મૂકવાનું તો સૌ કોઈ કરી શકે એવું છે. પણ

કાચબો જેમ જોખમની જગ્યાએ પોતાના અવયવ પૂરેપૂરા અંદર ખેંચી લે છે અને સલામત જગ્યાએ વાપરે છે, તેવી જ રીતે વિષયોપભોગમાંથી ઇન્દ્રિયોને ફેરવીને વાળી લેવી અને પરમાર્થકાર્યમાં તેમનો પૂરો ઉપયોગ કરવો એ સંયમ મહા કપરો છે. એ માટે ભારે પ્રયત્ન જોઈએ. જ્ઞાન પણ જોઈએ. અને એ બધી કોશિશ કરવા છતાં તે હંમેશ પૂરેપૂરો પાર પડે જ એવું નથી. તો શું નિરાશ થઈ મહેનત કરવાનું માંડી વાળવું ? ના. સાધકથી કદી નિરાશ ન થવાય. તેણે પોતાની સાધક તરીકેની બધી યુક્તિ વાપરવી, અને તે અધૂરી પડે ત્યાં ભક્તિનો સાથ લેવો એવી અત્યંત કીમતી સૂચના આ સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવતાં ભગવાને આપી રાખી છે. આ સૂચના તદ્દન માપસરના થોડા શબ્દોમાં કરી છે. પણ ઢગલાબંધ વ્યાખ્યાનો કરતાં તેનું મૂલ્ય વધારે છે. કેમકે ભક્તિની જ્યાં ખાસ જરૂર છે ત્યાં જ તે હાજર કરી છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનું સવિસ્તર વિવરણ આજે આપણે અહીં કરવું નથી. પણ આપણી આખી સાધનામાં ભક્તિની આ અચૂક જગ્યા આપણે ચૂકી ન જઈએ તેટલા ખાતર તેના પર ખાસ ધ્યાન ખેંચ્યું છે. પૂર્ણ સ્થિતપ્રજ્ઞ આ જગતમાં કોણ થઈ ગયો હશે તે એક ભગવાન જાણે. પણ સેવાપરાયણ સ્થિતપ્રજ્ઞના નમૂના તરીકે પુંડલીકની મૂર્તિ કાયમ મારી આંખો સામે તર્યા કરે છે. મેં તે તમારી આગળ રજૂ કરી છે.

24 થયું ત્યારે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો પૂરાં થયાં અને બીજો અધ્યાય પણ સમાપ્ત થયો.

(નિર્ગુણ) સાંખ્યબુદ્ધિ + (સગુણ) યોગબુદ્ધિ + (સાકાર) સ્થિતપ્રજ્ઞ

મળીને

સંપૂર્ણ જીવનશાસ્ત્ર બને છે.

આમાંથી બ્રહ્મનિર્વાણ અર્થાત્ મોક્ષ એ સિવાય બીજું શું ફલિત હોય ?

રવિવાર ૨૮-૨-'૩૨

# અધ્યાય ત્રીજો

## કર્મયોગ

### ૧૧. ફળત્યાગી અનંત ફળ મેળવે છે

1 ભાઈઓ, બીજા અધ્યાયમાં આપણે સંપૂર્ણ જીવનશાસ્ત્ર જોયું. ત્રીજામાં તે જ જીવનશાસ્ત્રનો વધારે ફોડ પાડયો છે. પહેલાં તત્ત્વો જોયાં. હવે વિગત જોઈએ. પાછલા અધ્યાયમાં કર્મયોગ સંબંધમાં વિવેચન કર્યું હતું. કર્મયોગમાં ફળનો ત્યાગ મહત્ત્વની વાત છે. હવે સવાલ એ છે કે કર્મયોગમાં ફળનો ત્યાગ કરવાનો ખરો, પણ પછી ફળ મળે છે કે નહીં ? ત્રીજો અધ્યાય બતાવે છે કે કર્મના ફળનો ત્યાગ કરવાથી કર્મયોગી અનંતગણું ફળ મેળવે છે.

મને લક્ષ્મીની વાત યાદ આવે છે. તેનો સ્વયંવર રચાયો. બધા દેવો ને દાનવો તેને વરવાની આશાએ આવીને એકઠા મળ્યા હતા. લક્ષ્મીએ પસંદગીની શરત જાહેર કરી નહોતી. સભામંડપમાં આવીને તેણે કહ્યું, 'જેને મારી ઇચ્છા નહીં હોય તેને હું વરમાળા પહેરાવવાની છું.' પેલા તો બધા તેને મેળવવાની લાલચના માર્યા આવેલા. પછી લક્ષ્મી ઇચ્છા વગરનો વર શોધતી શોધતી નીકળી. શેષનાગ પર શાંત સૂતેલી ભગવાન વિષ્ણુની મૂર્તિ તેણે જોઈ. વિષ્ણુના ગળામાં વરમાળા પહેરાવી. હજી અત્યાર સુધી તે તેના ચરણ ચાંપતી બેઠી છે. 'न मागे तयाची रमा होय दासी' —ન માગે તેની રમા થાય દાસી, એ જ તો ખરી ખૂબી છે.

2 સામાન્ય માણસ પોતાના ફળની આજુબાજુ વાડ કરે છે. પોતાને મળે એવું અનંત ફળ તે એ રીતે ગુમાવી બેસે છે. સંસારી માણસ પાર વગરનું કર્મ કરી તેમાંથી નજીવું ફળ પામે છે, અને કર્મયોગી થોડું સરખું કરીને અનંતગણું મેળવે છે. આ ફેર માત્ર ભાવનાને લીધે પડે છે. ટૉલ્સટૉયે એક ઠેકાણે લખ્યું છે કે, લોકો ઈશુ ખ્રિસ્તના ત્યાગની સ્તુતિ કરે છે, પણ આ બિચારા સંસારી જીવો રોજ કેટલું લોહી સૂકવે છે ! અને કેટલી માથાફોડ કરી મહેનતમજૂરી કરે છે ! ખાસો બે ગધેડાંનો ભાર પીઠ પર લઈ હાંફળાફાંફળા ફરનારા આ સંસારી જીવોને ઈશુના કરતાં કેટલાં વધારે કષ્ટ વેઠવાં પડે છે અને તેના કરતાં તેમના કેટલાયે વધારે હાલહવાલ થાય છે ! ઈશ્વરને માટે એ લોકો એનાથી અડધા ભાગની મહેનત કરે અને અડધા જ ભાગના હાલહવાલ વેઠે તો ઈશુના કરતાંયે મોટા બન્યા વગર ન રહે.

3 સંસારી માણસની તપસ્યા મોટી હોય છે પણ તે ક્ષુદ્ર ફળને સારુ હોય છે. જેવી વાસના તેવું ફળ. આપણી ચીજની આપણે કરીએ તેનાથી વધારે કિંમત

જગતમાં થતી નથી. સુદામા ભગવાનની પાસે તાંદુળ લઈને ગયા. એ મૂઠીભર તાંદુળના પૌંઆની કિંમત પૂરી એક પાઈ પણ નહીં હોય. પણ સુદામાને મન તે અમોલ હતા. તે પૌંઆમાં ભક્તિભાવ હતો. તે મંતરેલા હતા. તે પૌંઆના કણેકણમાં ભાવના ભરેલી હતી. ચીજ ગમે તેટલી નાની કે નજીવી હોય છતાં મંત્રથી તેની કિંમત તેમ જ તેનું સામર્થ્ય વધે છે. ચલણની નોટનું વજન કેટલું હોય છે ? સળગાવીએ તો એક ટીપું પાણી યે ગરમ નહીં થાય. પણ એ નોટ પર છાપ હોય છે, એ છાપથી તેની કિંમત થાય છે.

કર્મયોગમાં આ જ મુખ્ય ખૂબી છે. કર્મનું ચલણની નોટના જેવું છે. કર્મના કાગળિયાની કે પતાકડાની કિંમત નથી, ભાવનાની છાપની કિંમત થાય છે. આ એક રીતે હું મૂર્તિપૂજાનો મર્મ સમજાવું છું. મૂર્તિપૂજાની મૂળ કલ્પનામાં પાર વગરનું સૌંદર્ય છે. આ મૂર્તિને કોણ ભાંગી શકશે ? મૂર્તિ પહેલાં એક પથ્થરનો ટુકડો નહોતી કે ? મેં તેમાં મારો પ્રાણ રેડચો, મારી ભાવના રેડી. એ ભાવનાને ભાંગીને શું તેના ટુકડા થાય ખરા કે ? ટુકડા પથ્થરના થાય, ભાવનાના નથી થતા. મૂર્તિમાંથી હું મારી ભાવના પાછી ખેંચી લઉં એટલે ત્યાં પથરો બાકી રહી જશે અને પછી તેના ટુકડેટુકડા થઈ જશે.

4 કર્મ પથ્થર, પતાકડું, કાગળનો કકડો છે. માએ પત્તા પર વાંકીચૂકી ચાર લીટી લખી મોકલી હોય અને બીજા કોઈકે પચાસ પાનાં ભરીને ઘણું સટરપટર લખી મોટું પરબીડિયું મોકલ્યું હોય તો તે બેમાંથી વધારે વજન શાનું ? માની એ ચાર લીટીમાં જે ભાવ છે તે અમોલ છે, પવિત્ર છે. પેલા બીજા પસ્તી જેવા કાગળમાં એના જેટલી લાયકાત ક્યાંથી ? કર્મમાં ભીનાશ જોઈએ, ભાવના જોઈએ. આપણે મજૂરે કરેલા કામની કિંમત ઠરાવી તેને કહીએ છીએ કે આ તારા મજૂરીના પૈસા થયા તે લઈ જા. પણ દક્ષિણા એમ નથી આપતા. દક્ષિણાનું નાણું પલાળીને આપવું પડે છે. દક્ષિણા કેટલી આપી એવો સવાલ હોતો નથી. દક્ષિણામાં ભાવનાની ભીનાશ છે કે નહીં એ વાતનું મહત્ત્વ છે. મનુસ્મૃતિમાં મોટી ગમ્મત બતાવી છે. બાર વરસ ગુરુને ઘેર રહી શિષ્ય જાનવરમાંથી માણસ બન્યો. હવે તેણે ગુરુને આપવું શું ? પહેલાંના વખતમાં ભણાવવાને માટે આગળથી ફી લેવાતી નહોતી. બાર વરસ ભણી રહ્યા પછી જે આપવા જેવું લાગે તે આપવાનો રિવાજ હતો. મનુ કહે છે, 'ગુરુને એકાદ ફૂલ, એકાદ પંખો, એકાદ પાવડીની જોડ, એકાદ પાણીનો ભરેલ કળશ આપજે.' આ કંઈ મજાક નથી. જે કંઈ આપવાનું હોય તે શ્રદ્ધાની નિશાની રૂપે આપવાનું છે. ફૂલમાં વજન નથી. પણ તેમાં રહેલી ભક્તિનું આખા બ્રહ્માંડ જેટલું

વજન હોય છે. 'रुक्मिणीनें एक्या तुळसीदळानें गिरिधर प्रभु तुळिला ।' રુખમણીએ એક તુળસીદળથી ગિરધરને તોળ્યા. સત્યભામાના ખાંડી વજનના દરદાગીનાથી એ કામ ન થયું. પણ ભાવભક્તિથી ભરેલું એક તુળસીપત્ર રુખમણીમાતાએ પલ્લામાં મૂક્તાંવેંત કામ પાર પડયું. એ તુળસીપત્ર મંતરેલું હતું. તે તુળસીના છોડનું સાદું પાંદડું રહ્યું નહોતું. કર્મયોગીના કર્મનું પણ એવું છે.

5 ધારો કે બે જણ ગંગામાં સ્નાન કરવાને જાય છે. તેમાંનો એક કહે છે, "અરે, આ ગંગા ગંગા કરો છો, પણ તે છે શું ? બે ભાગ હાઇડ્રોજન અને એક ભાગ ઑક્સિજન, એ પ્રમાણમાં બે વાયુ એક્ઠા કરો કે થઈ ગંગા !" બીજો કહે છે, "ભગવાન વિષ્ણુના ચરણકમળમાંથી એ નીકળી, શંકરની જટામાં અટવાઈ પડી, હજારો બ્રહ્મર્ષિ અને હજારો રાજર્ષિઓએ એને કાંઠે તપ કર્યાં, અને પાર વગરનાં પુણ્યનાં કામો એને કાંઠે થયાં. આવી આ પવિત્ર ગંગામા છે." આવી ભાવનાથી ભીંજાઈને તે સ્નાન કરે છે. પેલો ઑક્સિજન-હાઇડ્રોજનવાળો પણ સ્નાન કરે છે. દેહશુદ્ધિનું ફળ બંનેને મળ્યા વગર ન રહ્યું. પણ પેલા ભક્તને દેહશુદ્ધિની સાથે સાથે ચિત્તશુદ્ધિનું ફળ પણ મળ્યું. ગંગામાં બળદને પણ દેહશુદ્ધિ ક્યાં નથી મળતી ? શરીરનો મેલ ધોવાશે પણ મનનો મેલ ક્યાંથી ધોવાશે ? એકને દેહશુદ્ધિનું નજીવું ફળ મળ્યું, બીજાને તે ઉપરાંત ચિત્તશુદ્ધિનું અમોલ ફળ પણ મળ્યું.

નાહ્યા પછી સૂર્યને નમસ્કાર કરનારને વ્યાયામનું ફળ મળ્યા વગર નહીં રહે. પણ સૂર્યનમસ્કાર કરનારો શરીરના આરોગ્યને માટે નહીં પણ ઉપાસનાના હેતુથી નમસ્કાર કરે છે. એટલે એનાથી શરીરને તંદુરસ્તી તો મળે જ છે પણ સાથે તેની બુદ્ધિની પ્રભા પણ પાંગરે છે. શરીરની તંદુરસ્તીની સાથે એને સૂર્ય પાસેથી સ્ફૂર્તિ ને પ્રતિભા પણ પ્રાપ્ત થશે.

6 કર્મ એકનું એક હોવા છતાં ભાવનાના ભેદને લીધે ફેર પડે છે. પરમાર્થી માણસનું કર્મ આત્મવિકાસ કરનારું નીવડે છે. સંસારી જીવનું કર્મ આત્માને બાંધનારું નીવડે છે. કર્મયોગી ખેડૂત સ્વધર્મ સમજીને ખેતી કરશે. તેથી તેને પેટને માટે અનાજ મળશે. પણ ખાલી પેટ ભરવાને માટે તે ખેતીનું કર્મ નથી કરતો. ખેતી કરી શકાય તે માટે ખાવાની વાતને તે એક સાધન ગણશે. સ્વધર્મ તેનું સાધ્ય ને ખોરાક ખાવો એ તેનું સાધન છે. પણ બીજા ખેડૂતની બાબતમાં પેટ ભરવાને અનાજ મળે એ સાધ્ય અને ખેતીનો સ્વધર્મ સાધન બને છે. આમ બંનેની બાબતમાં વાત ઊલટાસૂલટી થઈ જાય છે.

બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં આ વાત મજાની રીતે કહી છે. બીજા

લોકો જાગે છે ત્યારે કર્મયોગી ઊંઘે છે. બીજા જ્યારે ઊંઘે છે ત્યારે કર્મયોગી જાગતો રહે છે. આપણે પેટને સારુ કંઈ મળશે કે નહીં એ વાતની ફિકરમાં જાગતા રહીશું. કર્મયોગી કર્મ વગરની એક ક્ષણ પણ ફોગટની તો ગઈ નથી ને એ વાતની ફિકરથી જાગતો રહેશે. બીજો ઇલાજ નથી માટે તે ખાય છે. જીવવા માટે ખાવું તો પડશે, તે માટે તે ખાય છે. સંસારી જીવને જમતી વખતે આનંદ થાય છે, યોગી પુરુષને જમતાં કષ્ટ થાય છે. એથી તે સ્વાદ કરતો કરતો નહીં ખાય. સંયમ રાખશે. એકની રાત તે બીજાનો દિવસ હોય છે અને એકનો દિવસ તે બીજાની રાત હોય છે. એટલે એકનો જે આનંદ તે બીજાનું દુખ અને એકનું દુખ તે બીજાનો આનંદ હોય છે, એવો આનો અર્થ છે. સંસારી અને કર્મયોગી બંનેનાં કર્મ તેનાં તે હોય છે. પણ કર્મયોગી ફળ પરની આસક્તિ છોડી દઈ માત્ર કર્મમાં મશગૂલ રહે છે એ વાત મુખ્ય છે. યોગી સંસારી માણસની માફક જ ખાશે, ઊંઘશે, પણ તે બાબતોમાં તેની ભાવના જુદી હશે. આટલા ખાતર હજી આગળ આખા સોળ અધ્યાય આવતા હોવા છતાં પહેલેથી સ્થિતપ્રજ્ઞની સંયમમૂર્તિ ઊભી કરી રાખી છે.

સંસારી પુરુષ અને કર્મયોગી બંનેનાં કર્મમાં રહેલું સરખાપણું અને તેમની વચ્ચે રહેલો ફેર તરત જ ચોખ્ખો દેખાઈ આવે છે. ધારો કે કર્મયોગી ગોરક્ષાનું કામ કરે છે. એ કામ તે કઈ દૃષ્ટિથી કરશે ? ગાયની સેવા કરવાથી સમાજને જોઈએ તેટલું દૂધ પૂરું પાડી શકાશે, ગાયને બહાને કેમ ન હોય પણ માણસથી નીચેની આખીયે પશુસૃષ્ટિ સાથે પ્રેમનો સંબંધ કેળવી શકાશે એવી ભાવનાથી તે ગોરક્ષાનું કામ કરશે. એમાંથી પગાર મેળવવાના આશયથી નહીં કરે. કર્મયોગી ગોસેવકને પણ પગાર તો મળશે, પણ આનંદ આ દિવ્ય ભાવનાનો છે.

7 કર્મયોગીનું કર્મ તેને આખાયે વિશ્વની સાથે સમરસ કરે છે. તુળસીના છોડને પાણી પાયા વગર જમવું નહીં, એ નિયમમાં વનસ્પતિ-સૃષ્ટિ સાથે જોડાયેલો પ્રેમનો સંબંધ છે. તુળસીને ભૂખ્યાં રાખી હું પહેલો કેમ જમી લઉં? ગાય સાથે એકરૂપતા, વૃક્ષ-વનસ્પતિ સાથે એકરૂપતા અને એમ કરતાં કરતાં આખા વિશ્વ સાથે એકરૂપતાનો અનુભવ લેવાનો છે. મહાભારતની લડાઈમાં સાંજ પડતાંવેંત બધા લડનારા સંધ્યા વગેરે કર્મ આટોપવાને જતા. પણ ભગવાન શ્રીકૃષ્ણ રથના ઘોડા છોડી તેમને પાણી પાવાને લઈ જતા, તેમને ખરેરો કરતા, તેમનાં શરીરમાંના કાંટા વીણી કાઢતા. આ સેવામાં ભગવાનને એવો તો આનંદ આવતો ! કવિ એ વર્ણન કરતાં થાકતા નથી. પોતાના પીતાંબરમાં ચંદી લઈ જઈ ઘોડાને આપનારા તે પાર્થસારથિની મૂર્તિ નજર સામે લાવો અને કર્મયોગમાં રહેલા આનંદનો ખ્યાલ સમજી

લો. હરેકેહરેક કર્મ જાણે કે એકએકથી ચડિયાતું આધ્યાત્મિક કર્મ છે. ખાદીનું કામ લો. ખાદીનું પોટલું માથે લઈ ટાઢતડકામાં રખડનારો કંટાળતો નહીં હોય ? ના. અરધે પેટે ભૂખ્યા રહેનાર પોતાનાં કરોડો ભાઈબહેનો આખા દેશમાં છે. તેમને થોડું વધારે અનાજ પહોંચાડવાનું છે, એ ખ્યાલમાં તે મસ્ત રહે છે. એનું એ એક વાર જેટલી ખાદીનું વેચાણ બધા દરિદ્રનારાયણો સાથે પ્રેમથી જોડાયેલું હોય છે.

## ૧૨. કર્મયોગનાં વિવિધ પ્રયોજનો

8 નિષ્કામ કર્મયોગમાં અદ્‌ભુત સામર્થ્ય છે. તે કર્મ વડે વ્યક્તિનું તેમ જ સમાજનું પરમ કલ્યાણ થાય છે. સ્વધર્મ આચરનારા કર્મયોગીની શરીરયાત્રા ચાલ્યા વગર રહેતી નથી, પણ હંમેશ ઉદ્યોગમાં મંડયો રહેતો હોવાથી તેનું શરીર નીરોગી તેમ જ ચોખ્ખું પણ રહે છે. વળી પોતાના એ કર્મને પરિણામે જે સમાજમાં તે રહે છે તે સમાજનું ભરણપોષણ પણ બરાબર થાય છે. કર્મયોગી ખેડૂત વધારે પૈસાની આવક થાય તેટલા ખાતર અફીણ અને તંબાકુની ખેતી નહીં કરે. પોતાની ખેતીના કર્મનો સંબંધ સમાજના કલ્યાણની સાથે છે, એવી તેની ભાવના હોય છે. સ્વધર્મરૂપ કર્મ સમાજના કલ્યાણનું હશે. મારું વેપારનું કર્મ જનતાના હિતને માટે છે, એવું સમજનારો વેપારી પરદેશી કાપડ નહીં વેચે. તેનો વેપાર સમાજને ઉપકારક હશે. પોતાની જાત વીસરી જઈ પોતાની આસપાસના સમાજ સાથે સમરસ થનારા આવા કર્મયોગી જે સમાજમાં નીપજે છે તે સમાજમાં સુવ્યવસ્થા, સમૃદ્ધિ તેમ જ મનની શાંતિ પ્રવર્તે છે.

9 કર્મયોગીના કર્મને લીધે તેની શરીરયાત્રા ચાલે છે, સાથે દેહ તેમ જ બુદ્ધિ સતેજ રહે છે અને સમાજનું પણ કલ્યાણ થાય છે. આ બંને ફળ ઉપરાંત ચિત્તશુદ્ધિનું મોટું ફળ પણ તેને મળે છે. 'कर्मणा शुद्धिः' કર્મથી શુદ્ધિ એમ કહ્યું છે. કર્મ ચિત્તશુદ્ધિનું સાધન છે. પણ બધા લોકો કરે છે તે એ કર્મ નથી. કર્મયોગી ભાવનાના મંત્રથી મંતરેલું કર્મ કરે છે, તેનાથી ચિત્તશુદ્ધિનું ફળ મળે છે. મહાભારતમાં તુલાધાર વૈશ્યની કથા છે. જાજલિ નામનો એક બ્રાહ્મણ તુલાધાર પાસે જ્ઞાન લેવાને જાય છે. તુલાધાર તેને કહે છે, ભાઈ, "આ ત્રાજવાની દાંડી સીધી રાખવી પડે છે." એ બહારનું કર્મ કરતાં કરતાં તુલાધારનું મન પણ સરળ, સીધું બન્યું. નાનું છોકરું દુકાને આવે કે મોટું માણસ આવે પણ દાંડીનું રૂપ તેનું તે; નહીં નીચી, નહીં ઊંચી. ઉદ્યોગની મન પર અસર થાય છે. કર્મયોગીનું કર્મ એક જાતનો જપ જ હોય છે. તેમાંથી તેની ચિત્તશુદ્ધિ થાય છે. અને પછી નિર્મળ ચિત્તમાં જ્ઞાનનું પ્રતિબિંબ ઊઠે છે. પોતપોતાના જે તે કર્મમાંથી કર્મયોગી છેવટે જ્ઞાન મેળવે છે. ત્રાજવાની દાંડીમાંથી

તુલાધારને સમવૃત્તિ જડી. સેનો હજામત કરતો. બીજા લોકોનાં માથામાંના મેલ ઉતારતાં ઉતારતાં સેનાને જ્ઞાન થયું. 'બીજાના માથા પરનો મેલ હું કાઢું છું પણ મારા માથામાંનો, મારી બુદ્ધિમાંનો મેલ મેં કાઢ્યો છે ખરો ?' એવી આધ્યાત્મિક ભાષા તેના મનમાં તે કર્મ કરતાં કરતાં સ્ફૂરવા લાગી. ખેતરમાં વધી પડેલું નીંદણ કાઢતાં કાઢતાં હૃદયમાં પેદા થનારું વાસના તેમ જ વિકારનું નીંદણ કાઢવાની કર્મયોગીને બુદ્ધિ ઊગે છે. માટી ગૂંદી ગૂંદીને ગાર બનાવી સમાજને પાકાં માટલાં પૂરાં પાડનારો ગોરો કુંભાર પોતાના જીવનનું પણ પાકું વાસણ કરવું જોઈએ, એવી મનમાં ગાંઠ વાળે છે. હાથમાં ટીપણી રાખી, 'માટલાં કાચાં કે પાકાં' એવી સંતોની પરીક્ષા કરનારો તે પરીક્ષક બને છે. જે તે કર્મયોગીને પોતાના જે તે ધંધાની ભાષામાંથી ભવ્ય જ્ઞાન મળ્યું છે. એ કર્મો તેમની અધ્યાત્મની નિશાળો હતી. એ તેમનાં કર્મો ઉપાસનામય સેવાવાળાં હતાં. દેખાવમાં વહેવારનાં છતાં અંતરમાં તે કર્મો આધ્યાત્મિક હતાં.

10 કર્મયોગીના કર્મમાંથી તેને બીજું એક ઉત્તમ ફળ મળે છે. એ ફળ તે તેના કર્મ વડે સમાજને જે આદર્શ મળે છે તે. સમાજમાં પહેલા જન્મનારા ને પછી જન્મનારા એવો ફેર છે જ. એમાંથી આગળ જન્મેલા લોકોએ પાછળ જન્મનારાઓને ધડો બેસાડવાનો હોય છે. મોટા ભાઈએ નાના ભાઈને, માબાપે છોકરાંને, આગેવાનોએ અનુયાયીઓને અને ગુરુએ શિષ્યને પોતપોતાની કૃતિથી દાખલો બેસાડવાનો હોય છે. આવા દાખલા કર્મયોગી વગર બીજા કોણ બેસાડી શકે ?

કર્મયોગી કર્મમાં જ આનંદ માનનારો હોવાથી હંમેશ કર્મ કરતો રહે છે. એથી સમાજમાં દંભ ફેલાતો નથી. કર્મયોગી સ્વયંતૃપ્ત એટલે કે પોતાની જાતથી જ સંતોષ મેળવનારો હોવા છતાં કર્મ કર્યા વગર રહેતો નથી. તુકારામ કહે છે, ''ભજન કરવાથી ઈશ્વર મળ્યો, માટે શું મારે ભજન છોડી દેવું ? ભજન હવે, મારો સહજ ધર્મ થયો.''

'आधीं होता संतसंग । तुका झाला पांडुरंग
त्याचें भजन राहीना । मूळ स्वभाव जाईना'

—પહેલાં સંતસંગ થયો તેથી તુકો પાંડુરંગ બન્યો. પણ તેનું ભજન અટકતું નથી. કેમકે તેનો મૂળ સ્વભાવ ક્યાં જાય ? કર્મની નિસરણી વડે ઠેઠ ટોચે પહોંચ્યા છતાં કર્મયોગી તે નિસરણી છોડી દેતો નથી. તેનાથી તે છોડી શકાતી નથી. તેની ઇન્દ્રિયોને તે કર્મનું કુદરતી વળણ બેસી ગયેલું હોય છે. અને એ રીતે સ્વધર્મકર્મરૂપી સેવાની નિસરણીનું મહત્ત્વ તે સમાજને બતાવતો રહે છે.